અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ માર્ચ ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, મહા વદ બારસ

વર્ષ : ૧૫
અંક : ૨૧૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોલકાતામાં લીલી ઝંડી બતાવી

# હાવડાને કોલકાતા સાથે જોડતી દેશની પહેલી અંડર વોટર મેટ્રો રેલ શરૂ થઇ

### આ કોરિડોરની ઓળખ વર્ષ ૧૯૭૧માં શહેરના માસ્ટર પ્લાનમાં કરવામાં આવી હતી, આ ટનલ હુગલી નદીની નીચેથી આ બંને શહેરોને જોડશે

। (એજન્સી) કોલકાતા, તા.૬ ।

વડાપ્રધાન મોદીએ આજે કોલકાતામાં ભારતની પ્રથમ અંડરવોટર મેટ્રોનું ઉદ્દ્ઘાટન કર્યું છે. આ અંડરવોટર મેટ્રો રેલ નદી અને હાવડાને કોલકાતા શહેર સાથે જોડશે. આજે દેશને તેની પહેલી અંડરવોટર મેટ્રો મળી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોલકાતામાં મેટ્રોનું ઉદ્દ્ઘાટન તેમજ અનેક અન્ય પ્રોજેક્ટનું શિલાન્યાસ અને ઉદ્દ્ઘાટન પણ કર્યું હતું. કુલ મળીને વડાપ્રધાન મોદીએ બંગાળને ૧૫૪૦૦ કરોડ રૂપિયાની ભેટ આપી છે. નોંધનીય છે કે કોલકાતાની અંડરવોટર મેટ્રોની ટનલ હુગલી નદીની નીચે બનાવવામાં આવી છે. વડાપ્રધાન મોદીએ અંડરવોટર મેટ્રોનું ઉદ્દ્ઘાટન ઉપરાંત કવિ સુભાષ-હેમંત મુખોપાધ્યાય મેટ્રો સેક્શન અને તરતલા-માજેરહાટ મેટ્રો સેક્શનનું પણ ઉદ્દ્ઘાટન કર્યું છે.

મેટ્રો રેલ અનુસાર, આ કોરિડોરની ઓળખ ૧૯૭૧માં શહેરના માસ્ટર પ્લાનમાં કરવામાં આવી હતી. મેટ્રો રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી કૌશિક મિત્રાએ જણાવ્યું હતું કે હાવડા અને કોલકાતા પશ્ચિમ



બંગાળના બે સદીઓ જૂના ઐતિહાસિક શહેરો છે અને આ ટનલ હુગલી નદીની નીચેથી આ બંને શહેરોને જોડશે.

**આ મેટ્રો પ્રોજેક્ટની ૧૦ ખાસ વિશેષતા**

૧. કોલકાતા મેટ્રોનો હાવડા મેદાન-એસ્પ્લેનેડ સેક્શન ખૂબ જ ખાસ છે, કારણ કે આ સેક્શનમાં ટ્રેન પાણીની નીચે દોડશે. હાવડા મેટ્રો સ્ટેશન ભારતનું સૌથી ઊંડું સ્ટેશન પણ છે.

૨. હાવડા મેદાન-એસ્પ્લેનેડ વિભાગ હુગલી નદીની નીચે બાંધવામાં આવ્યો છે. હાવડા અને સોલ્ટ લેક શહેરો હુગલી નદીના પૂર્વ અને પશ્ચિમ કાંઠે આવેલા છે.

૩. એપ્રિલ ૨૦૨૩ માં કોલકાતા મેટ્રોએ ટ્રાયલ તરીકે હુગલી નદીની નીચે ટનલમાં ટ્રેન દોડાવીને ઈતિહાસ રચી દીધો હતો, આવું ભારતમાં પ્રથમ વખત બન્યું હતું.

૪. આ સેક્શન ૪.૮ કિલોમીટર લાંબો છે જે હાવડા મેદાનને એસ્પ્લેનેડથી જોડશે. તેમાં હાવડા મેદાનને પૂર્વ-પશ્ચિમ મેટ્રો કોરિડોર હેઠળ સોલ્ટ લેક સેક્ટર વી સાથે જોડશે.

૫. અધિકારીઓએ આશા વ્યક્ત કરી છે કે આ મેટ્રો હુગલી નદીની નીચે ૫૨૦ મીટરનું અંતર માત્ર ૪૫ સેકન્ડમાં કાપશે.

૬. એસ્પ્લેનેડ અને સિયાલદાહ વચ્ચે પૂર્વ-પશ્ચિમ એલાયમેન્ટનો ભાગ હજુ નિર્માણાધીન હેઠળ છે. જો કે, સોલ્ટ લેક સેક્ટર વી થી સિયાલદહ સુધીનો વિસ્તાર પહેલેથી ઉપયોગમાં છે.

૭. મેટ્રો ઓટોમેટિક ટ્રેન ઓપરેશન (એટીઓ) સિસ્ટમથી ચાલશે. મતલબ કે મેટ્રો ડ્રાઈવર દ્વારા એક બટન દબાવ્યા બાદ ટ્રેન આપોઆપ આગલા સ્ટેશન પર પહોંચી જશે.

૮. ઈસ્ટ-વેસ્ટ મેટ્રોના કુલ ૧૬.૬ કિલોમીટરમાંથી ૧૦.૮ કિલોમીટરનો હિસ્સો ભૂગર્ભમાં બનાવાયો છે, જેમાં હુગલી નદીની નીચેની ટનલ પણ સામેલ છે. બાકીનો ભાગ જમીન ઉપર છે.

૯. કોલકાતા મેટ્રોનો હેતુ જૂન અથવા જુલાઈની આસપાસ સોલ્ટ લેક સેક્ટર વી અને હાવડા મેદાન વચ્ચેના સમગ્ર પૂર્વ-પશ્ચિમ માર્ગ પર વ્યવસાયિક કામગીરી શરૂ કરવાનો છે.

૧૦. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પાણીની અંદરની મેટ્રોમાં લોકોને ૫૮ ઈન્ટરનેટની સુવિધા પણ મળશે. એવું પણ કહેવામાં આવ્યું છે કે ટનલમાં પાણીનું એક ટીપું પણ પ્રવેશી શકશે નહીં.

## ન્યૂઝ બ્રિફ

### સંદેશખાલીમાં ઘોર પાપ થયું, માથું શરમથી ઝુકી જશે : મોદી

। (એજન્સી) કોલકાતા, તા.૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળના પ્રવાસે છે. અહીં પર તેમણે સંદેશખાલીની પાંચ પીડિત મહિલાઓ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન પીડિત મહિલાઓએ તેમની સાથે થયેલી ઘટના અંગે વડાપ્રધાન મોદીને જણાવ્યું. આ મહિલાઓનું દર્દ સાંભળીને વડાપ્રધાન મોદી ભાવુક થઈ ગયા. બારાસાતમાં થયેલા નારી શક્તિ વંદના કાર્યક્રમ દરમિયાન સંદેશખાલી મામલે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, સંદેશખાલીમાં ઘોર પાપ થયું છે. ત્યાં જે કંઈ પણ થયું તેનાથી કોઈનું પણ માથું શરમથી ઝુકી જશે પરંતુ ત્યાંની ટીએમસી સરકારને તમારા દુ:ખથી કોઈ ફરક નથી પડતો.

### આસામમાં જાદૂ ટોણા સહિતની મેજીકલ ટ્રીટમેન્ટ પર પ્રતિબંધ

। (એજન્સી) ગૌહાતી, તા.૬ ।

આસામ સરકારે મેજીકલ ટ્રીટમેન્ટને લઈને બીલ પસાર કર્યા પછી જાદૂ ટોણા સહિતની મેજીકલ ટ્રીટમેન્ટ પર પ્રતિબંધ મુકયો છે.હિમંતા સરકારે ૨૬ ફેબ્રુઆરીએ વિધાનસભામાં પસાર કરેલા આસામ હિલિંગ (પ્રિવેન્શન ઓફ એવિલ) પ્રેક્ટિસેસ બિલ માં જણાવાયું હતું કે માસૂમ અને નિર્દોષ લોકોના શોષણ થતું હોવાથી ગેર વૈજ્ઞાનિક હિલિંગ પ્રેક્ટિસને ગુનો જાહેર કરવામાં આવે છે.

### શેરબજારે ઊંચી સપાટીનો નવો રેકોર્ડ રચી નાખ્યો

# સેન્સેક્સ પહેલીવાર ૭૪,૦૦૦ને પાર, નિફ્ટી ૨૨,૪૭૪ના સ્તરે બંધ

### આઈટીઅને બેન્કિંગ શેયર્સમાં સૌથી વધુ તેજી, આરબીઆઈના એક્શન બાદ IIFL ફાઈનાન્સના શેરમાં આજે ૨૦ ટકાનો ઘટાડો

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

શેરબજારમાં આજે (૬ માર્ચ ૨૦૨૪) તેજી જોવા મળી છે. નિફ્ટીના ૫૦માંથી ૨૬ શેરોમાં તેજી છે. સેન્સેક્સ ૪૦૮ પોઈન્ટના ઉછાળા સાથે ૭૪૦૮૫ના સ્તરે બંધ થયું. ત્યારે નિફ્ટી ૧૧૭ પોઈન્ટની તેજી સાથે ૨૨,૪૭૪ના સ્તરે બંધ થયું. આઈટીઅને બેન્કિંગ શેયર્સમાં સૌથી વધુ તેજી છે. નિફ્ટી આઈટીમાં ૦.૮૨%, નિફ્ટી બેંકમાં ૦.૭૯% અને નિફ્ટી એફએમસીજીમાં ૦.૩૪%ની તેજી જોવા મળી રહી છે. આઈઆઈએફએલફાઈનાન્સના શેરમાં



આજે ૨૦ ટકાનો ઘટાડો છે. કંપનીના શેરમાં ઘટાડો આરબીઆઈના એક્શન બાદ આવ્યો છે. મંગળવારે આરબીઆઈએ આઈઆઈએફએલફાઈનાન્સની ગોલ્ડ લોન આપવા પર રોક લગાવી દીધી છે. આરબીઆઈએ ગોલ્ડ લોન પોર્ટફોલિયામાં અનેક પ્રકારની ગેરરીતિ જોવા મળી. જોકે, કંપની હાલ ગોલ્ડ લોન કસ્ટમર્સને સર્વિસ આપવાનું જાહેર રાખી શકશે.

શેરબજારમાં ભલે ઐતિહાસિક તેજી જોવા મળી રહી હોય પરંતુ બજારનું માર્કેટ વેલ્યૂ આજના સત્રમાં ઘટ્યું છે. બીએસઈ પર લિસ્ટેડ સ્ટોક્સમાં માર્કેટ વેલ્યૂ ઘટીને ૩૧૯.૩૭ લાખ કરોડ રૂપિયા રહી છે જે ગત સત્રમાં ૩૯૩.૦૪ લાખ કરોડ રૂપિયા રહી હતી. આજના સત્રમાં બજારના વેલ્યૂએશનમાં ૧.૬ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

### લખનઉના કાકોરીમાં જરદૌસીના કારીગરના ઘરની ઘટના

# બે સિલિન્ડરમાં વિસ્ફોટ થતાં પરિવારનાં પાંચ સભ્ય ભૂંજાયા

### આ વિસ્ફોટ એટલો જોરદાર હતો કે લોકોને દૂર દૂર સુધી તેનો અવાજ સંભળાયો, ઘરની છત અને દિવાલો પડી

। (એજન્સી) લખનઉ, તા.૬ ।

લખનઉના કાકોરીમાં મોડી રાત્રે લગભગ ૧૧ વાગ્યે જરદૌસીના કારગીરના ઘરમાં બીજા માળે એકસાથે બે સિલિન્ડરમાં વિસ્ફોટ થતાં પરિવારના પાંચ સભ્યો જીવતાં ભૂંજાઈ ગયા હતા. આ વિસ્ફોટ એટલો જોરદાર હતો કે લોકોને દૂર દૂર સુધી તેનો અવાજ સંભળાયો હતો. ઘરની છત અને દિવાલો પણ ધરાશાયી થઈ ગઈ હતી.

વિસ્ફોટ એટલો ભયાનક હતો કે આસપાસના લોકો પણ ગભરાઈને ઘરની બહાર નીકળી ગયા હતા. મૃતકોમાં ૫૦ વર્ષીય જરદોસી કારીગર મુશીર, તેમની પત્ની ૪૫ વર્ષીય હુસ્ના બાનો, સાત વર્ષની ભત્રીજી રૈયા, બનેવી અઝમતની પુત્રીઓ ચાર વર્ષની હુમા અને બે વર્ષની હિનાનો સમાવેશ થાય છે. આ દુર્ઘટનામાં વિસ્ફોટ બાદ



ભયંકર આગ પણ ફાટી નીકળી હતી જેના લીધે ચાર લોકો દાઝી ગયા હતા જેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરિજનોના જણાવ્યાનુસાર રૂમમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી જેના બાદ આગની લપેટમાં સિલિન્ડર પણ આવી ગયો હતો જેના પગલે તેમાં ભયંકર વિસ્ફોટ થયો.

### ભારત તરફથી તક ન મળતાં ક્રિકેટર નિરાશ

# શાહબાઝ નદીમની ક્રિકેટની તમામ ફોર્મેટમાંથી નિવૃત્તી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।


ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલથી ટેસ્ટ સીરિઝની અંતિમ મેચ શરુ થવાની છે. પરંતુ તે પહેલા ભારતીય ટીમમાં તક ન મળવાથી દુ:ખી થયેલા અનુભવી બોલર શાહબાઝ નદીમે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. શાહબાઝ નદીમ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૫૦૦થી વધુ વિકેટ લેનાર બોલર છે. નદીમે તેની છેલ્લી ફર્સ્ટ ક્લાસ મેચ આ રણજી સિઝનમાં રાજસ્થાન સામે રમી હતી. નિવૃત્તિ બાદ હવે તે વિશ્વભરની વિવિધ ટી૨૦ લીગમાં ભાગ લેવાનું વિચારી રહ્યો છે. જણાવી દઈએ કે તાજેતરમાં જ ઝારખંડના વધુ બે સિનિયર ક્રિકેટર સૌરભ તિવારી અને વરુણ એરોને પણ નિવૃત્તિની જાહેરાત કરી હતી. શાહબાઝ નદીમે જણાવ્યું હતું કે, "હું લાંબા સમયથી નિવૃત્તિ લેવા અંગે વિચાર કરી રહ્યો હતો અને હવે મેં ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાનો મુશ્કેલ નિર્ણય લીધો છે. મને હંમેશા લાગે છે કે જ્યારે તમારી પાસે થોડી પ્રેરણા હોય છે, ત્યારે તમે હંમેશા તમારી જાતને સારું પ્રદર્શન કરવા પ્રેરિત કરતા રહો છો. જો કે હવે જ્યારે મને ખબર છે કે મને ભારતીય ટીમમાં તક નહીં મળે તો સારું રહેશે કે હું યુવા ક્રિકેટરોને તક આપું. આ ઉપરાંત હવે હું વિશ્વભરની ટી૨૦ લીગમાં રમવાનું પણ વિચારી રહ્યો છું.

### ટ્રમ્પની સુપર ટ્યુસડે પ્રાઈમરી ચૂંટણીમાં જોરદાર જીત

# ટ્રમ્પે આઠ રાજ્યોમાં વિજય મેળવ્યો, ૧૫ રાજ્યોમાં ક્લિન સ્વિપનાં સંકેત

। (એજન્સી) વોશિંગ્ટન , તા.૬ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સુપર ટ્યુસડે પ્રાઈમરી ચૂંટણીમાં જોરદાર જીત સાથે શરૂઆત કરી છે. અત્યાર સુધીના પરિણામોમાં ટ્રમ્પે આઠ રાજ્યોમાં જીત મેળવી છે. રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે ટ્રમ્પની લોકપ્રિયતાને જોતા તેઓ સુપર ટ્યુસડેના રોજ આયોજિત ૧૫ રાજ્યોની પ્રાથમિક ચૂંટણીમાં ક્લીન સ્વીપ કરી શકે છે. આ સાથે નિક્કી હેલી રાષ્ટ્રપતિ પદની રેસમાંથી બહાર થઈ જશે અને નવેમ્બરમાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ટ્રમ્પનો સીધો મુકાબલો બાઈડન સાથે



થઈ શકે છે. અમેરિકન મીડિયા અનુસાર ટ્રમ્પે અલબામા, અરકંસાસ, મેઈન, નોર્થ કેરોલિના, ઓક્લાહોમા, ટેનેસી, ટેક્સાસ અને વર્જિનિયામાં જીત મેળવી છે. પોતાની જીત પર ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર મતદારોનો આભાર પણ માન્યો હતો. પ્રાથમિક ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ ૬૫ પોઈન્ટ સાથે આગળ છે. રાષ્ટ્રપતિ જો બાઈડન પણ ટ્રમ્પથી બે પોઈન્ટ પાછળ છે. એવું મનાય છે કે નવેમ્બરમાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જો બાઈડનનો સીધો મુકાબલો ડોનાલ્ડ ટ્રમ્પ સાથે લગભગ નિશ્ચિત છે. સુપર ટ્યુઝડે એટલે કે ૫ માર્ચે અમેરિકાના ૧૫ રાજ્યોમાં એક સાથે રિપબ્લિકન પ્રાથમિક ચૂંટણીઓ યોજાઈ હતી. મંગળવારે જે રાજ્યોમાં મતદાન થયું તેમાં કેલિફોર્નિયા, ટેક્સાસ, નોર્થ કેરોલિના, ટેનેસી, અલબામા, વર્જિનિયા, ઓક્લાહોમા, અરકંસાસ, મેસેચ્યુસેટ્સ, ઉટાહ, મિનેસોટા, કોલોરાડો, મેઈન અને વર્મોન્ટનો સમાવેશ થાય છે.



### મહેસાણાના કડીમાં વધુ એક ચોરીનો બનાવ સામે આવ્યો

# પ્રાણપ્રતિષ્ઠા કર્યાના બે સપ્તાહમાં તસ્કરો ૬ કિલો ચાંદીની મૂર્તિ-છત્ર ચોરી ગયા

### બે સપ્તાહ અગાઉ જ ગોગા મહારાજના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામ ધૂમથી કરવામાં આવ્યો હતો

। (એજન્સી) મહેસાણા, તા.૬ ।

મહેસાણા સહિત ઉત્તર ગુજરાતમાં તસ્કરોનો ત્રાસ શિયાળાની શરુઆતથી વધ્યો છે. મહેસાણાના કડીમાં વધુ એક ચોરીનો બનાવ સામે આવ્યો છે. આ વખતે પણ વધુ એક મંદિર કડી વિસ્તારમાં તસ્કરોએ નિશાન બનાવ્યું છે. ચાંદીની ત્રણ મુર્તીઓ સહિતની તસ્કરોએ ચોરી કરતા કડી પોલીસે તપાસ શરુ કરી છે.

મહેસાણાના કડી વિસ્તારમાં વધુ એક મંદિરમાં તસ્કરો ત્રાટક્યા હોવાના સમાચાર સામે આવ્યા છે. કડીના સેદરાણા ગામમાં આવેલ ગોગા મહારાજના મંદિરમાં તસ્કરો ત્રાટક્યા છે. મંદિરમાંથી ચાંદીની ત્રણ મૂર્તિઓ સહિતની ચોરી થવાને પગલે પોલીસને જાણ કરાઈ હતી. સ્થાનિક કડી પોલીસે ચોરીની ઘટના અંગે તપાસ શરુ કરી છે. કડી તાલુકાના સેદરાણા ગામે હજુ બે સપ્તાહ અગાઉ જ ગોગા મહારાજના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામ ધૂમથી કરવામાં આવ્યો હતો. ધાર્મિક કાર્યક્રમમાં મોટા પ્રમાણમાં ભક્તોની ભીડ પણ ગામમાં પ્રતિષ્ઠા પ્રસંગે ઉમટી હતી. સેદરાણા ગામે ગોગા મહારાજના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ગ્રામજનોએ ઉજવ્યો હતો. જેમાં સ્થાનિક અને બહાર ગામના દાતા અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. ૨૨ ફેબ્રુઆરીએ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરીને મંદિરમાં ગોગા મહારાજ સહિત દેવી દેવતાઓની પ્રતિમાઓને રાખવામાં આવી હતી અને પૂજા અર્ચન શરુ કરાયા હતા. પ્રતિષ્ઠાના બે સપ્તાહ બાદ જ તસ્કરો મંદિરમાં ત્રાટક્યા છે અને ચાંદીની મૂર્તિઓની ચોરી કરી છે. મોંઢાના ભાગે બુકાની બાંધીને શખ્શ મંદિરમાં ઘૂસીને ચોરી કરી ગયો હોવાનું સીસીટીવી આધારે જાણવામાં આવી રહ્યુ છે.

### વ્યાજખોરોનો ત્રાસ અસહ્ય બની રહ્યો છે

# વિજાપુરમાં વ્યાજખોરોના ત્રાસે યુવકનો આપઘાત

### પોલીસે ઘટના અંગે હવે વ્યાજખોરો સામે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે

। (એજન્સી) વિજાપુર, તા.૬ ।

વ્યાજખોરોનો ત્રાસ અસહ્ય બની રહ્યો છે. વ્યાજખોરોના ત્રાસથી વધુ એક વ્યક્તિએ ઉત્તર ગુજરાતમાં જીવ ગુમાવ્યો છે. થોડાક દિવસ અગાઉ જ વડગામના એક યુવાને આપઘાત કરી લઈને જીવન ટૂંકાવ્યું હતુ. હવે વિજાપુરથી સમાચાર સામે આવ્યા છે, જ્યાં તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિએ ઝેરી દવા ખાઈ લઈને જીવન ટૂંકાવી દીધુ છે.

મહેસાણાના વિજાપુર તાલકા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ મનોજ પટેલે ઝેરી દવા ખાઈને આપઘાત કરી લીધો છે. વિજાપુર પોલીસે ઘટના અંગે હવે વ્યાજખોરો સામે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે. વ્યાજખોરોએ અસહ્ય ત્રાસ મૃતક પર ગુજાર્યો હતો અને જેમાં નગર પાલિકાના પૂર્વ પ્રમુખ રેણુંસિંહ ઠાકોર સહિત ચાર વ્યાજ ખોરો સામે ગુનો નોંધીને તપાસ શરુ કરવામાં આવી છે. હાલમાં ખાનગી શાળામાં ફરજ બજાવતા અને વિજાપુર તાલુકાના પંચાયતના કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અમિતાબેન પટેલે આ અંગે ફરિયાદ નોંધાવી છે. આરોપીઓએ અમિતાબેનના પતિ ઝેરી દવા પીધા બાદ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લઈ રહ્યા હોવા દરમિયાન પણ પઠાણી ઉઘરાણી કરતા ફોન કરીને ત્રાસ ગુજાર્યો હતો. હોસ્પિટલમાં સારવારના નાટક બંધ કરવા જેવા શબ્દો ફોન કરીને ઉચ્ચાર્યા હોવાનું પોલીસને અમિતાબેન જણાવ્યુ હતુ. વિજાપુરના હિરપુરા ગામના મનોજ શંકરભાઈ પટેલે વિજાપુર નગર પાલિકાના પૂર્વ પ્રમુખ રેણુંસિંહ ઉર્ફે દિપારામ દીનેશસિંહ ચૌહાણ, પિયુષ દેસાઈ અને સંજય દેસાઈ પાસેથી ૧૫ લાખ રુપિયા હાથ ઉછીના પેટે લીધા હતા. આ ઉપરાંત મહાકાળી ઈલેક્ટ્રિક વાળા ભરત રામાભાઈ પટેલ પાસેથી પણ બે-ત્રણ લાખ રુપિયા હાથ ઉછીના લીધા હતા.



હેલમેટ ઓવરબ્રિજનું રંગરોગાણ કરવામાં આવી રહ્યું છે.

# સુરત જિલ્લાના પલસાણા તાલુકાના ચલથાણ ગામની કોમલ સખીમંડળની બહેનો જુથક્રાફટની ચીજવસ્તુઓના વેચાણથકી આર્થિક રીતે પગભર બની

### વર્ષે દહાડે ત્રણથી ચાર લાખનું વેચાણ કરી ચલથાણ ગામની બહેનો આત્મનિર્ભર બની

। સુરત, તા.૬ ।

રાજ્ય સરકારે મહિલાઓને પગભર બનાવવા માટે સખી મંડળ યોજના શરૂ કરી છે. આ યોજના મહિલા સશક્તિકરણ આગવું ઉદાહરણ પૂરું પાડયું છે. અંતરિયાળ ગામની મહિલાઓને કૌશલ્યની તાલીમ આપી તેમને પગભર બનાવી આર્થિક સધ્ધરતા આપવામાં સખીમંડળ એક મહત્વની ભૂમિકા ભજવી છે. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના ચલથાણ ગામની કોમલ સખીમંડળની બહેનો જુથની ચીજવસ્તુઓના વેચાણથકી આર્થિક રીતે પગભર બની છે. સખીમંડળના પ્રમુખ શ્રીમતી જયોતિબેન રાઠોડે જણાવ્યું કે, ૨૦૧૯ના વર્ષ દરમિયાન અમે ૧૦ બહેનો મળીને જુથક્રાફટની ચીજવસ્તુઓ બનાવવાની શરૂઆત કરી હતી. સ્થાનિક બજારમાંથી સુતળીનો કાચો માલ લાવી



પગલુછણીયા, ટેબલ રનર, આસન, મેકમની, કોસ્ટલ, તોરણ, લેન્ડ ફોલ્ડર જેવી વસ્તુઓ બનાવીએ છીએ. સરકાર દ્વારા સમયાંતરે સુરત તથા અમદાવાદ જેવા મોટા શહેરોમાં યોજાતા સરસમેળામાં અમોને સ્ટોલની વિનામૂલ્યે ફાળવણી કરવામાં આવે છે. જેના માધ્યમથી અમારી વસ્તુઓનું ફટાફટ વેચાણ થાય છે. હવે અમોએ કેળાના થડમાંથી રેસા લીપણ બનાવીએ છીએ જેની પણ બજારમાં સારી માંગ રહે છે. તેઓ કહે છે કે, મહિલા પોતે કમાતી હોય તેનું ગૌરવ અનોખું હોય છે,જે અમે લોકોએ આર્થિક સધ્ધરતા મેળવીને અનુભવ્યું છે. આજે અમારા કુટુંબને પણ આગળ લઈ જવા તથા બાળકોને સારી કારકિર્દી આપવા માટે અમે સક્ષમ બન્યા છીએ. અમારા સખીમંડળને રૂ. ૩૦ હજારનું રીવોલ્વીગ ફંડ મળ્યું છે સાથે ધંધાના વિકાસ માટે અમોએ રૂ. ૩ લાખની લોન પણ લિધી છે. વર્ષે દહાડે અમારા સખીમંડળની બહેનો અંદાજે રૂ.ત્રણ થી ચાર લાખની ચીજવસ્તુઓ વેચાણ કરતા હોવાનું જયોતિબેને કહ્યું હતું. સાથે મિશન મંગલમ યોજનાથકી સરકાર મહિલાઓ આત્મનિર્ભર બને તે માટેના પ્રયાસો કરી રહી છે જે બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# શિવાલયમાં ચારેય દિશામાંથી થાય છે શિવલિંગના દર્શન



। (એજન્સી) જામનગર, તા.૬ ।

દેશના કાશીમાં અઢળક શિવ મંદિરો આવેલા છે. જામનગરમાં પણ અનેક પૌરાણિક શિવ મંદિરો આવેલા છે. જામનગરની જનતાને ધર્મપ્રેમ જનતા તરીકે પણ ઓળખવામાં આવે છે. વાત તહેવારે મોટી સંખ્યામાં લોકો મંદિરોમાં દર્શન અર્થે આવે છે. જેમાં કેટલાક શિવ મંદિરો તો રાજાશાહી વખતથી પણ જૂના છે. એટલે જામનગરને પણ છોટી કાશી નામ મળ્યું છે. જામનગરમાં આવેલું કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર સૌથી પ્રસિદ્ધ મંદિર છે. અહીં ચારેય દિશામાંથી ભગવાન ભોળાનાથનાં દર્શન કરી શકાય છે. જામનગર જેને છોટી કાશી ગણવામાં આવે છે. હિન્દુ ધર્મના સૌથી વધુ જામનગરમાં મહાદેવના મંદિરો આવેલા છે. જેથી છોટી કાશી તરીકેની ઓળખ ઉભી થઈ છે. જામનગરમાં વહેલી સવારથી જ ભક્તોએ શિવાલયોમાં દોડ લગાવી ભગવાનના પૂજા, અર્ચન કર્યા હતા અને દુધની ધારાવાહી પણ કરી હતી. જામનગરમાં કાશી વિશ્વનાથ મંદિર સૌથી પ્રસિદ્ધ છે. જામનગરમાં આવેલા કાશી વિશ્વનાથ મંદિરમાં બિરાજમાન ભગવાન મહાદેવની શિવલિંગના ચારેય દિશામાંથી દર્શન કરી શકાય છે. આ મંદિર સદીઓ જૂનું છે. જામનગરમાં આવેલું કાશી વિશ્વનાથ મંદિર ૭૨ સ્તંભ પર ઉભેલું છે. જામનગરમાં આવેલા કાશી વિશ્વનાથ મંદિર વિશે વાત કરતાં આ મંદિરના પુજારી સુખદેવ મહારાજ જણાવે છે કે, ભારતમાં માત્ર બે થી ત્રણ જ આવા મંદિર છે, જેમાં શિવલિંગના દર્શન ચારેય દિશામાંથી કરી શકાય છે. એક વારાણસીમાં બિરાજમાન કાશી વિશ્વનાથ અને બીજું જામનગરમાં છે. આવું જ એક નેપાળમાં પશુપતિનાથ મહાદેવ મંદિર પણ છે.

# બાયડમાં નાયબ પોલીસ અધિક્ષકની કચેરી શરૂ કરાઈ

### બાયડ સહિતના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઇ રહે એ માટે સ્થાનિક ધોરણે DySP સ્તરના અધિકારીની કચેરીની માંગ કરવામાં આવી હતી

। (એજન્સી) બાયડ, તા.૬ ।

અરવલ્લી જિલ્લો બોર્ડર વિસ્તારનો જિલ્લો છે. આ વિસ્તારમાં ચોરી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું પ્રમાણ અન્ય જિલ્લા કરતા વધારે રહી શકે છે. જેને લઈ અહીં બોર્ડર વિસ્તારની પ્રવૃત્તિઓ પર નજર સતત રાખવી જરુરી છે. આ માટે જિલ્લા પોલીસ સતત સતર્ક રહે એ જરુરી છે. આવી સ્થિતિમાં હવે વિભાગીય નાયબ પોલીસ અધિક્ષકની વર્તમાન જવાબદારીને બે હિસ્સામાં વહેંચવાનો રાજ્યના ગૃહ વિભાગે નિર્ણય કર્યો હતો. રાજ્યના ગૃહ વિભાગે મોડાસા બાદ બાયડમાં પણ વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક કચેરી શરુ કરવા માટેનો નિર્ણય કર્યો હતો. જેને લઈ વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક કચેરીનું નિર્માણ કરવામાં આવી રહ્યુ હતુ. દરમિયાન અહીં કોઈ DySP અધિકારીની



નિમણૂંક નહીં કરાતા કચેરી શરુ થવાની રાહ જોવાઈ રહી હતી. બાયડમાં નાયબ ક્લેકટરની કચેરી શરુ કરવામાં આવી ત્યારથી અહીં DySP કચેરીની માંગ વર્તાઈ રહી હતી. આ માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો પણ કરવામાં આવી હતી.

બાયડ ડિવિઝનની કચેરીની શરુઆત કરતા મંગળવારે ખુલ્લી મુકવામાં આવી હતી. મોડાસા DySP કેજે ચૌધરીએ રીબીન કાપીને કચેરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવા ડિવિઝન વિસ્તારના પોલીસ અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા. ડિવિઝનની શરુઆત થવાને લઈ તાબામાં આવતા પોલીસ મથક વિસ્તારોમાં હવે સુપરવિઝન કરવા માટે DySP સ્તરના અધિકારી સ્થાનિક સ્તરે હોવાને લઈ ગુનાઈત પ્રવૃતિઓ તેમજ કાયદો અને વ્યવસ્થાની પ્રવૃત્તિઓને અંકુશમાં રાખવા માટે ત્વરીત પગલા ભરી શકાશે.

જિલ્લામાં એક ડિવિઝનમાંથી વિભાજન કરીને બે પોલીસ ડિવિઝન શરુ કરવામાં આવતા, નવી વિભાગીય નાયબ પોલીસ અધિક્ષકનો ચાર્જ મોડાસા DySP કેજે ચૌધરીને સોંપવામાં આવ્યો છે. આમ કેજે ચૌધરી નવા DySP અધિકારીની નિમણૂંક ના થાય ત્યાં સુધી ચાર્જ સંભાળશે. ટૂંક સમયમાં જ રાજ્યના ગૃહ વિભાગના દ્વારા બદલીઓનો તબક્કો આવનારો છે, જેમાં બાયડના નવા DySP ની નિમણૂંક થઈ શકે છે. આમ નવી નિમણૂંક સુધી DySP કેજે ચૌધરી ચાર્જ સંભાળશે. નવા ડિવિઝનમાં બાયડ પોલીસ મથક ઉપરાંત સાઠંબા, આંબલિયારા, ધનસુરા અને માલપુર પોલીસ સ્ટેશનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ બાયડ, માલપુર અને ધનસુરા તાલુકા વિસ્તારમાં આવતા પોલીસ મથકોનો સમાવેશ બાયડ ડિવિઝનમાં કરવામાં આવ્યો છે.

અરવલ્લી જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ જિલ્લાના પોલીસ વિભાગ દ્વારા એક બાદ એક સુવિધાઓ વધારવાનો નિર્ણય ગૃહ વિભાગ કરી રહી છે. આ રીતે જ બે ડિવિઝન જિલ્લામાં અસ્તિત્વમાં આવ્યા છે. આમ જિલ્લામાં હવે હેડ ક્વાર્ટર, એસસી અને એસટી સેલ, મોડાસા વિભાગ બાદ હવે બાયડ વિભાગ શરુ થતા ચાર DySP સ્તરના અધિકારીઓ ફરજ બજાવશે.

## વિશેષ

### ગાંધીનગર ખાતે વસ્તી ગણતરી નિયામક કચેરીના સુપરવાઈઝરો માટે

# સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ અંતર્ગત મરણ સમયના લક્ષણો-કારણોની માહિતી એકત્રિત કરવા મૌખિક શબ પરીક્ષણ તાલીમ યોજાઈ







। (માહિતી) ગાંધીનગર ।

વસ્તી ગણતરી નિયામક કચેરીના સુપરવાઈઝરો માટે ગાંધીનગર ખાતે સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ (SRS) અંતર્ગત મરણ સમયના લક્ષણો અને કારણોની માહિતી એકત્રિત કરવા અંગેનો મૌખિક શબ પરીક્ષણ (Verbal Autopsy) કરવાની પદ્ધતિ અંગે બે દિવસીય તાલીમનો પ્રારંભ થયો હતો. ક્ષેત્રીય કામગીરી કરનાર સુપરવાઈઝરો દ્વારા મૃત્યુના ચોક્કસ કારણો અને લક્ષણોની માહિતી એકત્ર કરવાની કુશળતામાં સુધારો કરવાના હેતુસર વસ્તી ગણતરીની નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા આ તાલીમનું આયોજન કરાયું હતું. આ તાલીમનું ઉદઘાટન વસ્તી ગણતરીની કચેરીના નિયામક શ્રીમતી આર્દ્રા અગ્રવાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

તાલીમના પ્રથમ દિવસે વસ્તી ગણતરી નિયામકની કચેરીના ક્ષેત્રીય કચેરીના ક્ષેત્રીય કામગીરી કરનાર ૮૦ સુપરવાઈઝરો ઉપસ્થિત રહ્યા હતા. એઈમ્સ, (AIIMS) નેટવર્ક ભાગીદારોના તજજ્ઞ ડોક્ટર્સ દ્વારા વ્યક્તિના મરણ સમયના લક્ષણો અને કારણોની મૌખિક શબ પરીક્ષણ (Verbal Autopsy) દ્વારા માહિતી એકત્રિત કરવા અંગેની ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવી હતી.

ગુજરાત રાજયના પસંદ કરેલા ૪૭૬ ગ્રામીણ-શહેરી બ્લૉકોમા નમૂના નોંધણી પદ્ધતિ (SRS) હેઠળ વ્યક્તિના મરણ સમયના લક્ષણો અને કારણોની વિસ્તૃત માહિતી વસ્તી ગણતરી કચેરીના ક્ષેત્રીય કામગીરી કરનાર સુપરવાઈઝરો દ્વારા આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબના નિર્ધારિત પ્રારૂપમાં એકત્રિત કરવામાં આવે છે. નિર્ધારિત પ્રારૂપમાં એકત્રિત કરેલ માહિતી એઈમ્સ, (AIIMS) - નવી દિલ્હી ખાતે મોકલી આપવામાં આવે છે તેઓ મૌખિક શબ પરીક્ષણ દ્વારા એકત્રિત કરાયેલી માહિતીનું વિશ્લેષણ કરે છે અને આવશ્યકતા અનુસાર નવા સંશોધનો કરે છે. આ ઉપરાંત વર્તમાનમાં નવા જોવા મળેલા મૃત્યુના કારણો-લક્ષણોનું પણ વિશ્લેષણના આધારે સંશોધન કરે છે.

આ તાલીમમાં વિશેષ આમંત્રિત તરીકે આરોગ્ય કમિશનર કાર્યાલયના અધિક નિયામક શ્રી હિતેન પારેખ, વસ્તી ગણતરી કચેરીના સંયુક્ત નિયામક શ્રી રાજેશ એન. માલવિયા ઉપસ્થિત રહ્યા હતા. બી જે મેડિકલ કોલેજ, અમદાવાદ અને પી ડી યુ મેડિકલ કોલેજ, રાજકોટ, એઈમ્સ, (AIIMS) નવી દિલ્હીના નેજા હેઠળ નેટવર્ક ભાગીદારોના તજજ્ઞ ડોક્ટર્સ ડૉ. રાજકુમાર મહાજન અને ડૉ. નીલેશ ફીચડીયા દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં વસ્તી ગણતરી નિયામકની કચેરીના નાયબ નિયામક શ્રી સંતોષ મિશ્રા તથા શ્રીમતી સંચિતા સરકાર, તથા સહાયક નિયામક શ્રી દીપક ચૌધરી, શ્રીમતી નીલિમા ચૌરસિયા, શ્રી મનોજ ભગોરા, અને શ્રી મંગેશ કુંભારે ઉપસ્થિત રહ્યા હતા.

### સૌથી ફાસ્ટ બોલ ફેંકવાનો રેકોર્ડ શોએબ અખ્તરના નામે છે

# સા. આફ્રિકાની ક્રિકેટરે મહિલા ક્રિકેટમાં ૧૩૨.૧ કિમીની સૌથી ઝડપે બોલ ફેંક્યો

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

ક્રિકેટના ઈતિહાસમાં ફાસ્ટેસ્ટ બોલ ફેંકવાનો રેકોર્ડ શોએબ અખ્તરના નામે છે, જેણે વર્લ્ડકપ ૨૦૦૩માં ઈંગ્લેન્ડ સામે ૧૬૧.૩ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંક્યો હતો. પરંતુ હવે મહિલા ક્રિકેટમાં શોએબ અખ્તર જેવો બોલર જોવા મળી રહ્યો છે.

હાલમાં ડબલ્યુપીએલ ૨૦૨૪માં રમી રહેલી સાઉથ આફ્રિકાની મહિલા ક્રિકેટર શબનીમ ઈસ્માઈલે મહિલા ક્રિકેટના ઈતિહાસમાં ફાસ્ટેસ્ટ બોલ ફેંકવાનો રેકોર્ડ બનાવ્યો છે. શબનીમની આ સિદ્ધિ જોઈને તેને મહિલા ક્રિકેટનો 'શોએબ અખ્તર' કહી શકાય છે. શબનીમ ડબલ્યુપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સનો ભાગ છે. ટુર્નામેન્ટની ૧૨મી મેચમાં તેણે મહિલા ક્રિકેટના ઈતિહાસમાં ફાસ્ટેસ્ટ બોલ ફેંક્યો, જેની ઝડપ ૧૩૨.૧ કિમી પ્રતિ કલાક હતી. દિલ્હી કેપિટલ્સ સામે રમાયેલી મેચમાં શબનીમે આ બોલ મેગ લેનિંગને ફેંક્યો હતો.



મેગ લેનિંગ દિલ્હીની કેપ્ટન છે. મુંબઈના બોલરે ઈનિંગની ત્રીજી ઓવરનો બીજો બોલ ૧૩૨.૧ કિમી પ્રતિ કલાકની વિક્રમી ઝડપે ફેંક્યો, જે ડોટ બોલ હતો. શબનીમ ઈસ્માઈલ સાઉથ આફ્રિકા માટે ત્રણેય ફોર્મેટ રમે છે. ૩૫ વર્ષીય શબનીમ અત્યાર સુધીમાં ૧ ટેસ્ટ, ૧૨૭ વન-ડે અને ૧૧૩ ટી૨૦આઈ મેચ રમી ચૂકી છે. આ દરમિયાન તેણે ટેસ્ટમાં ૩, વન-ડેમાં ૧૯૧ અને ટી૨૦આઈમાં ૧૨૩ વિકેટ ઝડપી છે.

### ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ ખેલાડીની સલાહ

# ડોમેસ્ટિક ક્રિકેટને પ્રાથમિકતા આપો : સચિન

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

ભારતીય ટીમના પૂર્વ દિગ્ગજ ખેલાડી અને ક્રિકેટના ભગવાન કહેવાતા સચિન તેંડુલકરે યુવા ખેલાડીઓને ડોમેસ્ટિક ક્રિકેટને પ્રાથમિકતા આપવાની સલાહ આપી છે. સચિને કહ્યું કે, "આ વખતે રણજી ટ્રોફીની સેમિફાઈનલ રસપ્રદ હતી. મુંબઈએ બેટિંગના આધારે ફાઈનલમાં પ્રવેશ કર્યો, જ્યારે વિદર્ભ અને મધ્યપ્રદેશ વચ્ચે નિકટની હરીફાઈ ચાલુ છે." તેણે બીસીસીઆઈની પણ પ્રશંસા કરી જે ડોમેસ્ટિક ક્રિકેટને પ્રોત્સાહન આપી રહી છે. સચિને એ પણ કહ્યું કે, "જ્યારે પણ મને તક મળી ત્યારે હું મુંબઈ માટે રમ્યો હતો, પરંતુ આજના ક્રિકેટરો આમ કરવામાં ખચકાય છે. મારું માનવું છે કે તેનાથી યુવા ખેલાડીઓને ફાયદો થાય છે."



સચિન તેંડુલકરે રણજી ટ્રોફીને લઈને પોતાની પોસ્ટમાં લખ્યું, "રણજી ટ્રોફીની સેમિફાઈનલ રસપ્રદ હતી. મુંબઈ શાનદાર બેટિંગની મદદથી ફાઈનલમાં પહોંચ્યું હતું, જ્યારે બીજી સેમિફાઈનલ છેલ્લા દિવસ સુધી રમાઈ રહી હતી. મધ્યપ્રદેશને જીતવા માટે ૯૦થી વધુ રનની જરૂર છે, જ્યારે વિદર્ભને ૪ વિકેટની જરૂર છે. મારા સમગ્ર કરિયર દરમિયાન મને જ્યારે પણ તક મળી ત્યારે હું મુંબઈ માટે રમવા ઉત્સાહિત રહ્યો છું. મોટા થતાં અમારા ડ્રેસિંગ રૂમમાં લગભગ ૭-૮ ભારતીય ખેલાડીઓ હતા અને તેમની સાથે રમવાની મજા આવી." સચિને વધુમાં લખ્યું, "જ્યારે ભારતીય ખેલાડીઓ પોતાની ઘરેલુ ટીમ માટે રમે છે ત્યારે તે યુવાનો માટે રમતની ગુણવત્તામાં વધારો કરે છે અને કેટલીકવાર નવી પ્રતિભાની ઓળખ તરફ દોરી જાય છે. તે રાષ્ટ્રીય ખેલાડીઓને કેટલીકવાર મૂળભૂત બાબતોને ફરીથી શોધવાની તક પણ આપે છે.

### ધર્મશાલામાં આજથી ઈંગ્લેન્ડ સામે પાંચમી ટેસ્ટ

# સિઝનમાં ૧૦૦૦ રનની સિદ્ધિથી યશસ્વી જયસ્વાલ ૨૯ રન દૂર

## વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપના વર્તમાન ચક્રમાં યશસ્વી જયસ્વાલે ૮ મેચની ૧૫ ઇનિંગ્સમાં ૯૭૧ રન બનાવ્યા

। (એજન્સી) ધર્મશાલા, તા.૬ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝની છેલ્લી મેચ આવતીકાલથી ધર્મશાલામાં રમાશે. ઈંગ્લેન્ડ સામેની આ સીરિઝમાં પ્રથમ મેચ હાર્યા બાદ ભારતીય ટીમ સતત ત્રણ મેચ જીતીને ૫ મેચની ટેસ્ટ સીરિઝમાં ૩-૧ની અજેય લીડ સાથે આગળ છે. ઈંગ્લેન્ડ સામેની આ સીરિઝમાં બે બેવડી સદી ફટકારનાર યશસ્વી જયસ્વાલે અત્યાર સુધી ૪ મેચમાં ૬૫૫ રન બનાવ્યા છે. યશસ્વીએ ઈંગ્લેન્ડ સામે વિશાખાપટ્ટનમ અને રાજકોટમાં રમાયેલી ટેસ્ટ મેચમાં બેવડી સદી ફટકારી હતી. યશસ્વીએ ભારતીય ધરતી પર પોતાની પ્રથમ ટેસ્ટ સીરિઝ રમીને વિશ્વ ક્રિકેટને પોતાની ક્ષમતાનો પરિચય કરાવ્યો અને ઘણા રેકોર્ડ તોડ્યા, જો કે છેલ્લી ટેસ્ટમાં પણ તે આવા ઘણા રેકોર્ડ તોડી શકે છે. યશસ્વી જયસ્વાલ ધર્મશાલામાં વધુ એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી શકે છે. જયસ્વાલ ઈંગ્લેન્ડ સામેની છેલ્લી ટેસ્ટમાં ૨૯ રન બનાવીને ટેસ્ટ ક્રિકેટમાં પોતાના ૧૦૦૦ રન પૂરા કરશે અને આ સાથે તે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના વર્તમાન ૨૦૨૩-૨૦૨૫ના ચક્રમાં ૧૦૦૦ રન પૂરા કરનાર પ્રથમ બેટર બની જશે. ડબલ્યુટીસીના વર્તમાન ચક્રમાં જયસ્વાલે ૮ મેચની ૧૫ ઈનિંગ્સમાં ૯૭૧ રન બનાવ્યા છે અને બીજા સ્થાને ઓસ્ટ્રેલિયાનો ખેલાડી ઉસ્માન ખ્વાજા છે જેણે ૧૧ ટેસ્ટમાં ૯૧૬ રન બનાવ્યા છે. ધર્મશાલામાં ૨૯ રન બનાવવાની સાથે યશસ્વી જયસ્વાલ વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપના વર્તમાન ચક્રમાં ૧૦૦૦ રન બનાવવાના રેકોર્ડ સાથે, ડબલ્યુટીસીના ઈતિહાસમાં સૌથી ઝડપી ૧૦૦૦ રન પૂરા કરનાર ખેલાડી બની જશે.



### વિદર્ભનો રણજી ટ્રોફીની ફાઈનલમાં ૧૦ માર્ચે મુંબઈ સામે મુકાબલો



। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

વિદર્ભે રણજી ટ્રોફીની ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. તેણે પ્રથમ સેમિફાઈનલ મેચમાં મધ્યપ્રદેશને ૬૨ રને હરાવ્યું હતું. આ મેચ માટે યશ રાઠોડને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો હતો. તેણે વિદર્ભ માટે શાનદાર બેટિંગ કરતા સદી ફટકારી હતી. હવે ફાઈનલમાં વિદર્ભનો સામનો મુંબઈ સામે થશે. ફાઈનલ મેચ ૧૦ માર્ચથી રમાશે. વિદર્ભ ટીમની શરૂઆત ખરાબ રહી હતી. પરંતુ બાદમાં તેણે સારું પ્રદર્શન કરીને બાજી પલટી નાખી હતી. વિદર્ભે પ્રથમ ઈનિંગમાં ઓલઆઉટ થતાં સુધી ૧૭૦ રન બનાવ્યા હતા. આ દરમિયાન ઓપનર અથર્વે ૩૯ રનનું યોગદાન આપ્યું હતું. કરુણ નાયરે ફિફ્ટી ફટકારી હતી. તેણે ૧૦૫ બોલમાં ૬૩ રન બનાવ્યા હતા. કેપ્ટન અક્ષય માત્ર ૧ રન બનાવીને આઉટ થયો હતો, જ્યારે ટીમના ત્રણ ખેલાડીઓ શૂન્ય પર આઉટ થયા હતા. આવેશ ખાને આ દરમિયાન મધ્યપ્રદેશ માટે ઘાતક બોલિંગ કરી હતી.

### ઈડીની વિદેશ મોકલવાના રેકેટમાં કડક કાર્યવાહી

# મની લોન્ડરિંગ સંદર્ભે ઈડીના ત્રણ રાજ્યોમાં ૨૯ સ્થળે દરોડા

## અમેરિકા, કેનેડા વગેરે દેશોમાં ગેરકાયદે ભારતીયોને મોકલવા માટેનું મોટુ રેકેટ, ઇડીએ બેંક ખાતા ફ્રીઝ કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

કેન્દ્રીય એજન્સી ઈડીએ ગુજરાત, દિલ્હી, મહારાષ્ટ્ર સહિત કેટલાક સ્થળોએ ફરી દરોડા પાડયા છે. વિદેશમાં ભારતીયોને મોકલવા માટે ચાલી રહેલા રેકેટની તપાસના ભાગરૂપે આ દરોડા પાડવામાં આવ્યા છે. ગુજરાત સહિતના કેટલાક રાજ્યોથી અમેરિકા, કેનેડા વગેરે દેશોમાં ગેરકાયદે ભારતીયોને મોકલવા માટે એક મોટુ રેકેટ ચાલી રહ્યું છે. ઈડીએ બેંક ખાતા ફ્રીઝ કરી દીધા છે જ્યારે આરોપીઓની પાસેથી દસ્તાવેજો અને ડિવાઈસ પણ મળી આવ્યા છે. આ રેકેટ સાથે સંકળાયેલા એજન્ટો અને અન્યોની એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવી હતી. ઈડીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે મની લોન્ડરિંગ કાયદા અંતર્ગત અમે ૧ માર્ચથી આ ત્રણ રાજ્યોમાં આશરે ૨૯ જેટલા સ્થળોએ દરોડા પાડયા હતા. આ જ પ્રકારની તપાસ ગત જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં પણ કરવામાં આવી હતી. ગુજરાત પોલીસ દ્વારા કેટલાક મુખ્ય આરોપીઓ જેમ કે ભરતભાઈ ઉર્ફે બોબી પટેલ, રાજુભાઈ બેચરભાઈ પ્રજાપતિ, ભાવેશ અશોકભાઈ પટેલ અને અન્ય કેટલાક સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી તે બાદ ઈડી દ્વારા આ તપાસ અભિયાન શરૂ કરાયું છે. પોલીસે ચાર્જશીટમાં ખુલાસો કરતા કહ્યું હતું કે આરોપીઓ ભારતીયોના બનાવટી દસ્તાવેજો તૈયાર કરાવીને તેમને વિઝા અપાવીને વિદેશ મોકલી રહ્યા છે, આ રેકેટ ૨૦૧૫થી ચાલી રહ્યું છે. ઈડીએ જણાવ્યું હતું કે આ બનાવટી દસ્તાવેજોના આધારે વિઝા અપાવવા બદલ આરોપીઓ એક વ્યક્તિ પાસેથી ૬૦થી ૭૫ લાખ રૂપિયા પડાવવામાં આવતા હતા. જ્યારે કપલ હોય તો એકથી સવા કરોડ રૂપિયા લેવામાં આવતા હતા. જો કપલની સાથે બાળકો હોય તો રકમ બમણી થઈને ૧.૭૫ કરોડ સુધી પહોંચી જતી હતી. તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે કેટલાક વિદ્યાર્થીઓને બોગસ વિદ્યાર્થી વિઝા અપાવાતા હતા જ્યારે તેઓને જે શૈક્ષણિક સંસ્થા માટે વિઝા મળ્યા હોય ત્યાં તેઓ ક્યારેય પણ જોડાયા નહોતા. ભરત પટેલની પોલીસે ૨૦૨૨માં ધરપકડ કરી હતી. અત્યંત ઠંડીમાં કેનેડાથી અમેરિકા પગપાળા જતી વખતે એક પરિવારનું મોત નિપજ્યું હતું તે કેસમાં પણ ગુજરાતી એજન્ટનું નામ ખુલ્યું હતું. ઈડીની તાજેતરની તપાસમાં આ તમામને સાંકળી લેવામાં આવ્યા છે અને તેમની પાસેથી સાચા પાસપોર્ટ, ઓળખપત્રો, ડિજિટલ ડિવાઈસ, બે વૈભવી કારને જપ્ત કરાયા છે સાથે જ રૂપિયા ૫૦.૧૦ લાખની ડિપોઝિટ સાથે બેંક ખાતાને ફ્રીઝ કરાયા છે.



### ઘમંડી ગઠબંધન માત્ર તેમના પરિવાર માટે છે

# મોદીજી ૧૩૦ કરોડ દેશવાસીઓ માટે છે : કેન્દ્રીય ગૃહ અમિત શાહ



। નવી દિલ્હી, તા.૬ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે મંગળવારે મહારાષ્ટ્રના જલગાંવમાં યુવા સંમેલનને સંબોધિત કરતા સ્પષ્ટ કર્યું હતું કે નવા ભારતનું નિર્માણ કરી રહેલા મોદીજી સામે એક થવાનું નાટક કરી રહેલા ઘમંડી ગઠબંધનનું સત્ય એ છે કે ગઠબંધન કેવી રીતે થશે. જે પોતે લોકશાહી નથી દેશમાં લોકશાહી સ્થાપિત કરે છે? મોદીજી સામે ઘમંડી ગઠબંધનનું એક જ લક્ષ્ય છે કે સોનિયા ગાંધીને રાહુલને પીએમ બનાવવાના છે, શરદ પવારને તેમની પુત્રીને મુખ્યમંત્રી બનાવવાના છે, ઉદ્ધવ ઠાકરેએ આદિત્ય ઠાકરેને મુખ્યમંત્રી બનાવવાના છે, મમતા દીદીને તેમના ભત્રીજાને મુખ્યમંત્રી બનાવવાના છે. મુખ્યમંત્રી અને સ્ટાલિન પોતાના પુત્રને મુખ્યમંત્રી બનાવવા માંગે છે. હવે અહીં ફરક સ્પષ્ટ છે કે દેશના લોકો માટે કંઈ બચ્યું નથી. આવી સ્થિતિમાં એ પણ સ્પષ્ટ છે કે નરેન્દ્ર મોદી યુવાનો અને વિકસિત દેશના ભવિષ્ય માટે છે.

શાહ માને છે કે આગામી લોકસભા ચૂંટણી યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય અને મહાન ભારતના નિર્માણ માટે છે. શાહ, ભારતીય જનતા પાર્ટીના અગ્રણી નેતા માને છે કે ભાજપને મત આપવાનો અર્થ છે યુવાનો માટે ઉજ્જવળ ભવિષ્ય, મહાન ભારતનું નિર્માણ અને મોદીજીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવું.

જો છેલ્લા ૧૦ વર્ષો પર એક નજર નાખીએ તો તેમાં કોઈ શંકા નથી કે મોદી સરકારે યુવાનો માટે અવકાશથી સેમીકન્ડક્ટર, ડિજિટલથી ડ્રોન, ૯ઁ થી વેક્સિન અને ૫૨ થી ફિનટેક સુધીના દરવાજા ખોલ્યા છે અને અભૂતપૂર્વ કામ કર્યું છે. કામ ૨૦૩૫ સુધીમાં દેશને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાથી લઈને ૨૦૩૬માં ઓલિમ્પિકનું આયોજન કરવાથી લઈને ૨૦૪૦માં ભારતીય અવકાશયાત્રીઓને ચંદ્ર પર મોકલવા સુધીની સફર પૂર્ણ થશે કારણ કે આ મોદીની ગેરંટી છે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીની ઘડિયાળ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ચૂંટણીની ગતિવિધિઓ પણ વધી રહી છે. શાહે ફરી એકવાર નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા અને ભારતીય જનતા પાર્ટીની જીત સાથે કમળનો સંદેશો ફેલાવવા માટે કમર કસી છે.

# ટ્રેનિંગમાં પ્લેન પેસેન્જર પ્લેન સાથે ટકરાતાં ટ્રેઈની પાયલટ-ટ્રેનરનું મોત

## સ્થાનિક કેરિયર સફારીલિંક અને ૯૯ ફ્લાઈંગ ટ્રેનિંગ સ્કૂલનું વિમાન ચાલુ ઉડાને જ અથડાતા આ ઘટના બની

। (એજન્સી) નૈરોબી, તા.૬ ।

કેન્યાની રાજધાની નૈરોબીમાં મંગળવારે એક ટ્રેઈની પાઈલટ અને ટ્રેનરનું મોત થયું હતું. ટ્રેનિંગ દરમિયાન તેમનું પ્લેન પેસેન્જર પ્લેન સાથે અથડાયું હતું. કેન્યાના અધિકારીઓએ જણાવ્યું હતું કે મંગળવારે સવારે સ્થાનિક કેરિયર સફારીલિંક અને ૯૯ ફ્લાઈંગ ટ્રેનિંગ સ્કૂલનું વિમાન ચાલુ ઉડાને જ અથડાતા આ ભયાનક ઘટના બની હતી.

આ ઘટનાની નૈરોબી પોલીસ એડમસન બુંગાઈએ ટેક્સ્ટ સંદેશ દ્વારા મૃત્યુની પુષ્ટિ કરી હતી, જો કે તેમણે વધુ વિગતો આપી ન હતી. સફારીલિંકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્લેન, પ્લેન ટેકઓફના થોડા સમય બાદ જ જોરદાર ધડાકો થયો હતો, પ્લેન કેન્યાના દરિયાકાંઠે ડિયાની તરફ જઈ રહ્યું હતું અને તેમાં ૪૪ લોકો સવાર હતા. જો કે સદનસીબે ઘટનામાં વિમાનમાં સવાર તમામ મુસાફરો અને ક્રૂ સુરક્ષિત રહ્યા હતા. એક રિપોર્ટ મુજબ આ ઘટનાને સંબંધિત એજન્સીઓને જાણ કરવામાં આવી છે અને સફારીલિંક અને એવિએશન સાથે મળીને ઘટનાની તપાસ કરી રહી છે.



૯૯ ફ્લાઈંગ સ્કૂલે એક સમાચાર એજન્સીને ફોન કોલ દ્વારા ઘટનાની જાણ કરી હતી પણ વધુ વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો. કેન્યા સિવિલ એવિએશન ઓથોરિટીએ જણાવ્યું કે ક્રેશની ઘટનાનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. સફારીલિંક કેન્યા, પડોશી તાંઝાનિયા અને ઝાંઝીબારમાં ૧૮ સ્થળોએ ઉડાન ભરે છે.

# ફરવા ગયેલા ૭ ભારતીયોની રશિયન લશ્કરમાંથી બચાવવા કેન્દ્રને અપીલ

## સાત યુવકો પંજાબના હોશિયારપુરના છે જેમણે વીડિયો દ્વારા ભારત સરકારને મદદ કરવા માટે અપીલ કરી

। (એજન્સી) મોસ્કો, તા.૬ ।

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા બે વર્ષ કરતા પણ વધારે સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે રશિયા ફરવા ગયેલા સાત જેટલા ભારતીય યુવકોને રશિયન આર્મીમાં દગાથી ભરતી કરીને યુદ્ધ લડવા માટે યુક્રેન મોકલવવામાં આવ્યા છે. આ યુવકોનો વીડિયો સામે આવ્યો છે જેમાં તેઓ ભારત સરકારને મદદ માટે અપીલ કરી રહ્યા છે. આ સાત યુવકો પંજાબના હોશિયારપુરના છે જેમણે વીડિયો દ્વારા ભારત સરકારને મદદની અપીલ કરી છે. તેમણે દાવો કર્યો છે કે તેઓને દગાથી રશિયન સેનામાં ભરતી કરવામાં આવ્યા હતા અને યુક્રેન સામે યુદ્ધમાં ધકેલી દેવામાં આવ્યા હતા. તમામ યુવકો નવા વર્ષની ઉજવણી માટે ટુરિસ્ટ વિઝા પર રશિયા ગયા હતા. સોશિયલ વીડિયોમાં વાઈરલ થયેલા વીડિયોમાં હૂડ અને કેપ સાથે રશિયન આર્મીના ડ્રેસમાં સજ્જ સાત યુવકો ખૂબ જ ડરી ગયેલા જોઈ શકાય છે. આ સાતેય યુવકોમાંથી એક ગગનદીપ સિંહ તેઓની સ્થિતિ વિશે વાત કરી રહ્યો છે અને સરકાર પાસે મદદ માંગી રહ્યો છે. ગગનદીપના જણાવ્યાનુસાર, '૨૦૨૩ની ૨૭મી ડિસેમ્બરે નવા વર્ષની ઉજવણી માટે રશિયા ગયા હતા, તેમની પાસે રશિયા જવા માટે વિઝા પણ હતા, જેની માન્યતા ૯૦ દિવસની હતી. અહીં અમને એક એજન્ટને મળ્યો હતો, જે અમને નજીકમાં ફરવા લઈ ગયો હતો. બાદમાં એજન્ટે અમને કહ્યું કે તે અમને બધાને બેલારુસ લઈ જશે. અમને ખબર ન હતી કે બેલારુસ માટે વિઝાની જરૂર પડે છે. એજન્ટ અમને વિઝા વગર જ બેલારુસ લઈ ગયો અને ત્યાં પહોંચીને પૈસાની માંગણી કરવા લાગ્યો હતો. અગાઉ અમે પૈસા આપી ચૂક્યા હતા અને અમારી પાસે વધુ પૈસા ન હતા. આ પછી એજન્ટ અમને બેલારુસના હાઈવે પર છોડીને જતો રહ્યો હતો, જે બાદ પોલીસે અમને બધાને પકડીને રશિયન આર્મીને હવાલે કર્યા હતા. રશિયન આર્મીએ અમને ચાર-પાંચ દિવસ સુધી અજાણી જગ્યાએ ગોંધી રાખ્યા હતા, ત્યારબાદ હિન્દી ભાષી વ્યક્તિ સાથે ફોન પર વાત કરાવીને શરત મૂકી હતી કે કાં તો ૧૦ વર્ષની જેલ થશે અથવા તેમની સાથે કરાર કરો, જેમાં અમને ડ્રાઈવર તેમજ હેલ્પર તરીકે નોકરી મળશે.'



### આઈએનએસ જટાયુ લક્ષદ્વીપમાં નવા બેઝ પર મોરચો સંભાળશે

। નવી દિલ્હી, તા.૬ ।

હિંદ મહાસાગરમાં સ્થિતિ મજબૂત કરવા અને વિરોધીઓની ગતિવિધિઓ પર નજર રાખવા માટે ભારતીય નૌકાદળે લક્ષદ્વીપના મિનિકોય ટાપુ સમૂહમાં આઈએનએસ જટાયુનું નવું બેઝ તૈયાર કર્યું છે. આજથી તેનું ઓપરેટિંગ શરૂ થશે. કવરત્તી ખાતે આઈએનએસ ટાપુરક્ષક બાદ લક્ષદ્વીપ માં આઈએનએસ જટાયુ ભારતનું બીજું નેવલ બેઝ હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મોરેશિયસના પીએમએ થોડા દિવસ પહેલા અહીં એરસ્ટ્રીપ અને સેન્ટ જેમ્સ બ્રિજનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્યારબાદ હવે આઈએનએસ જટાયુ કાર્યરત થશે. અહેવાલો અનુસાર, લક્ષદ્વીપમાં નેવી બેઝના નિર્માણ પાછળ ભારતના સ્પષ્ટ ઉદ્દેશ્યો છે. ભારત અરબ સાગરમાં મોટી શક્તિ બનવા તરફ આગળ વધી રહ્યું છે. મલયાલમ અને સંસ્કૃતમાં લક્ષદ્વીપ નામનો અર્થ થાય છે 'એક લાખ ટાપુ'. આ ટાપુ કોચ્ચિથી લગભગ ૪૪૦ કિમી દૂર સ્થિત છે અને ૩૬ ટાપુઓનો ટાપુ સમૂહ છે. તેનો કુલ વિસ્તાર માત્ર ૩૨ ચોરસ કિલોમીટર છે. લક્ષદ્વીપ હિંદ મહાસાગરમાં કોરલાઈન ટાપુઓની શ્રેણીનો એક ભાગ છે.

## તંત્રી લેખ...

# દેશને આજે તેની પ્રથમ અંડરવોટર મેટ્રો મળી

દેશને તેની પહેલી અંડરવોટર મેટ્રો આજે એટલે કે બુધવારે મળી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોલકાતામાં તેનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સિવાય પીએમ મોદીએ શિલાન્યાસ અને અન્ય અનેક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. એકંદરે પીએમ મોદીએ બંગાળને ૧૫૪૦૦ કરોડ રૂપિયાની ભેટ આપી. આ દરમિયાન તેણે પોતાના બાળકો સાથે તેમાં મુસાફરી પણ કરી હતી. તમને જણાવી દઈએ કે હુગલી નદીની નીચે અંડરવોટર મેટ્રોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ અંડરવોટર મેટ્રો રેલ નદી અને હાવડાને કોલકાતા શહેર સાથે જોડશે. અંડરવોટર મેટ્રોનું ઉદ્ઘાટન કરવા ઉપરાંત પીએમ મોદીએ કવિ સુભાષ-હેમંત મુખોપાધ્યાય મેટ્રો સેક્શન અને તરતલા-માજેરહાટ મેટ્રો સેક્શનનું પણ ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ ૬ નવી મેટ્રો ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોલકાતામાં ભારતની પ્રથમ અન્ડરવોટર મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરતી વખતે રાજ્ય ભાજપના અધ્યક્ષ સુકાંત મજુમદાર અને રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અને ભાજપના ધારાસભ્ય સુવેન્દુ અધિકારી સાથે મેટ્રો કર્મચારીઓ સાથે વાતચીત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જોવા માટે કોલકાતાના એસ્પ્લેનેડ મેટ્રો સ્ટેશન પર લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. આ દરમિયાન વડાપ્રધાને તેમનું અભિવાદન કર્યું હતું. આ દરમિયાન 'મોદી-મોદી' અને 'જય શ્રી રામ' જેવા નારા લગાવવામાં આવ્યા હતા. તમને જણાવી દઈએ કે હાવડા મેદાન અને એસ્પ્લેનેડ વચ્ચેની ટનલની કુલ લંબાઈ ૪.૮ કિલોમીટર છે. ૧.૨ કિમીની ટનલ હુગલી નદીની નીચે ૩૦ મીટર નીચે આવેલી છે, જે તેને કોઈપણ મોટી નદીની નીચે દેશની પ્રથમ પરિવહન ટનલ બનાવે છે. અંડરવોટર મેટ્રોને ફ્લેગ ઓફ કરવામાં આવતાની સાથે જ ભારતમાં નદીની નીચેની પ્રથમ ટનલ ટ્રાફિક માટે ખુલી ગઈ. આ ટનલ પૂર્વ-પશ્ચિમ મેટ્રો કોરિડોર પ્રોજેક્ટનો એક ભાગ છે. અંડરવોટર મેટ્રોના ઉદ્ઘાટન બાદ પીએમ મોદી સંદેશખાલીની પીડિત મહિલાઓને મળશે. તેમની પીડા સાંભળશે. આ સિવાય તેઓ ઉત્તર ૨૪ પરગણાના બારાસતમાં એક રેલીને સંબોધિત કરશે. તમને જણાવી દઈએ કે ગયા અઠવાડિયે પણ પીએમ મોદી બંગાળના પ્રવાસે હતા. તેમણે બંગાળમાં બે રેલીઓને સંબોધી હતી. પીએમ મોદીની એક રેલી હુગલીના આરામબાગમાં જ્યારે બીજી રેલી નદિયાના કૃષ્ણનગરમાં યોજાઈ હતી. આ દરમિયાન તેમણે સંદેશખાલીમાં મહિલાઓ પર થતા અત્યાચારને લઈને મમતા બેનર્જી પર આકરા પ્રહારો કર્યા હતા.

## ગુજરાતનાં મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી પી. ભારતીની અધ્યક્ષતામાં આઇકોન્સ, પાર્ટનર્સ અને ઇન્ફ્લુએન્સર્સ મીટ યોજાઈ

### લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે 'દસ મિનિટ, દેશ માટે' થીમ સાથે રચનાત્મક કોન્ટેન્ટના નિર્માણ માટે સંવાદ કરાયો



। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ ખાતે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી પી. ભારતીની અધ્યક્ષતામાં આઈકોન્સ, એમઓયુ પાર્ટનર્સ અને ઈન્ફલુએન્સર્સ મીટ યોજવામાં આવી હતી. જેમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા સોશિયલ મીડિયા ઈન્ફલુએનસર્સ, વિવિધ સહયોગી વિભાગના અધિકારીશ્રીઓ અને જિલ્લામાં નિયુક્ત કરેલા આઈકોન્સ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી પી. ભારતીએ જણાવ્યું હતું કે, ચૂંટણીની કામગીરી ખૂબ જ વિશાળ હોય છે. મતદારોમાં મતદાન અંગે જાગૃતિ ફેલાવવાનો, વધુમાં વધુ લોકો મતદાનમથક સુધી પહોંચે અને ખાસ કરીને પ્રથમ વખત મતદાન કરનાર યુવાનો અને મહિલાઓની ભાગીદારી વધે, તે ચૂંટણી પંચનો મુખ્ય આશય છે. મતદાનના દિવસે નાગરિકો મતદાન કરવા આગળ આવે અને ખરા અર્થમાં 'દસ મિનિટ દેશ માટે' આ સૂત્રને અપનાવે, એ માટે સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે, એવું તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મતદાન માટે જાગૃતિ અંગે રચનાત્મક રીતે રજૂઆત કરી સોશિયલ આઈકોન્સ અને ઈન્ફલુએન્સર્સ દેશસેવાનું મહત્ત્વનું કામ કરી શકે છે. આ ઉપરાંત ગુજરાત ચૂંટણી પંચ દ્વારા જાગૃતિના પ્રકલ્પો માટે શક્ય તમામ સહયોગ આપવામાં આવશે, તેવી બાહેંધરી તેમણે આપી હતી.

આ પ્રસંગે અધિક મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી કુલદીપ આર્યએ ઉપસ્થિત સહુને અભિનંદન પાઠવતા યથાશક્તિ સહયોગ આપવાની અપીલ કરી હતી. સાથોસાથ મતદાન અંગે જાગૃતિ લાવવા જિલ્લા સ્તરે પણ ચૂંટણીતંત્ર આઈકોન્સ, પાર્ટનર્સ અને ઈન્ફલુએન્સર્સને શક્ય તમામ મદદ કરશે તેવી ખાતરી આપી હતી.

શ્રી આર્યએ વધુમાં જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર આચારસંહિતાના ભંગ, ફેક ન્યૂઝ, ફેક વિડિયો કે ચૂંટણી પ્રક્રિયા અંગે ભ્રામક વાતો ફેલાવાતી હોય તો એ તરફ પણ અમારું ધ્યાન દોરવા વિનંતી છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. એ જણાવ્યું હતું કે, આજની આ મીટ ચૂંટણી પંચનો સ્તુત્ય પ્રયાસ છે. લોકશાહીના આ મહાપર્વમાં મહત્તમ નાગરિકો સામેલ થાય તથા મતદાનમાં યુવાઓ અને મહિલાઓની ભાગીદારી વધે તે માટે આપણે સૌએ સાથે મળીને પ્રયાસ કરવાનો છે.

આ પ્રસંગે ચૂંટણી વિભાગના અધિક કલેકટર શ્રી રિંકેશ પટેલે માહિતીસભર અને રસપ્રદ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જેમાં તેમણે મતદાન વ્યવસ્થા, મતદાન માટે વૈકલ્પિક દસ્તાવેજો, ચૂંટણી પંચની ઓફિશિયલ એપ્લિકેશન સહિતની જાણકારી આપી હતી.

આ મીટમાં સર્વ શિક્ષા અભિયાનના ડિરેકટર સુશ્રી રતનકંવર ગઢવીચારણ, સંયુક્ત નિયામક શ્રી પી.ડી. પલસાણા, મહેસાણાના જિલ્લા કલેકટર શ્રી એમ. નાગરાજન તથા અમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

---

**વર્તમાન સમયમાં દિકરી તરીકે ઉછરતી તમામ યુવતીઓ આગળ જઈને સ્ત્રી, નારી, અને મહિલા તરીકેનું સ્થાન અને સન્માનની અધિકારી બનવાની છે**

# આજકાલનાં માતા પિતાની દિકરીનાં લગન માટેની રખાતી અપેક્ષાઓ થોડી વધુ હોય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આજકાલના સમાજમાં સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધતાં દીકરીઓ ખૂબ ભણે છે, અને દરેકે દરેક ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરે છે જે ખરેખર બહુ ગૌરવની વાત છે, પણ એક સમાજ ચિંતક હોવાને કારણે તેની થોડી ખરાબ અસર પણ ઉભી થાય છે**

ગુરુવાર એટલે પ્રાર્થનાનો દોર, પણ સમાજને અમુક પ્રકારની વિનંતી કરવી એ પણ એક પ્રકારની પ્રાર્થના જ કહેવાય! એ સંદર્ભ વિચારીને આજે આ લેખ મુકું છું. ૮ માર્ચ એટલે કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે તેને ઉજવવામાં આવે છે, તો વર્તમાન સમયમાં દિકરી તરીકે ઉછરતી તમામ યુવતીઓ આગળ જઈને સ્ત્રી, નારી, અને મહિલા તરીકેનું સ્થાન અને સન્માનની અધિકારી બનવાની છે. ત્યારે આજકાલના સમાજમાં સ્ત્રી શિક્ષણનો વ્યાપ વધતાં દીકરીઓ ખૂબ ભણે છે, અને દરેકે દરેક ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરે છે જે ખરેખર બહુ ગૌરવની વાત છે, પણ એક સમાજ ચિંતક હોવાને કારણે તેની થોડી ખરાબ અસર પણ ઉભી થાય છે, તો દિકરીઓ અને એમનાં માતા પિતા બંને એ થોડું એ તરફ પણ વિચારવું જોઈએ એવું ઘણા બધાનું એક મંતવ્ય ઉભું થયું અને લખવા માટે કહ્યું એટલે સહજ. આજકાલનાં માતા પિતાની દિકરીનાં લગ્ન માટેની રખાતી અપેક્ષાઓ થોડી વધુ હોય છે.એટલે પહેલાનાં જમાનાના કરતાં લગ્ન બાબતે વર પક્ષ પાસેથી ઘણી અપેક્ષાઓ રાખવામાં આવે છે, એ વાત સાચી છે! એનું કારણ એ પણ છે કે, હવે દીકરીઓને ખૂબ જ શિક્ષણ આપવામાં આવે છે,એટલે એનાં જેટલું શિક્ષણ નહોય તો આગળ જતાં અંદરોઅંદર અભિમાનનો પ્રશ્ન ન રહે, એ એક મુખ્ય કારણ છે. ઉપરાંત દીકરીને ઘરની બહાર નીકળી અને જોબ કરવા જવાનું હોય છે, એટલે આ બધાની અન્ડરસ્ટેન્ડિંગ હોય, એટલે કે શિક્ષિત યુવાન હોય તો એ આ વસ્તુને સમજી પણ શકે, ત્રીજું કારણ આજકાલ દીકરીઓ ઘરમાં ખૂબ જ એશો આરામથી ઉછરી હોય છે, અને પહેલાની જેમ તેમણે રસોડું કે અન્ય કામ શીખ્યા હોતા નથી, એટલે એ બધું ત્યાં પણ સચવાઈ રહે, એ રીતે તેની માટે ઘર ગોતવામાં આવે છે. અંદરોઅંદરના રોજના મનમોટાવ થતાં રહે છે, અને એટલે સૌથી મહત્વનું કારણ તો આજકાલ બનતા ઘરેલુ હિંસાના કિસ્સાઓ પણ છે. સમાજમાં આ રીતના કિસ્સા રોજ ને રોજ વધતા જ જાય છે, એ કારણ પણ છે, અને આવું કોઈ સહન ન કરે એટલે તરત છૂટાછેડા. એટલે કે પતિ-પત્ની બંને એજ્યુકેટેડ અને સારું ભણેલા હોય, તો આવું થવાની શક્યતા બહુ જ નહીંવત રહે છે. જોકે મોટે ભાગે વધુ ભણેલો હોય તો મેટ્રો શહેરમાં અથવા તો વિદેશ સેટલ થયેલો હોય, એટલે દીકરીને માથે આખા ઘરની જવાબદારી પણ આવતી નથી. એકંદરે અહીં જે રીતે તેનો ઉછેર થયો છે, એ જ રીતે એ ત્યાં પણ રહી શકે, એ માટે થઈને આવી બધી અપેક્ષાઓ રખાતી હોય છે. આ વાત થઈ વિશ્લેષણની એટલે કે આ, આ, કારણસર આવી બધી અપેક્ષાઓ રખાય છે. પરંતુ હકીકતમાં આવી અપેક્ષા રાખવી જોઈએ કે નહીં?? એ સાચું કે ખોટું??



એવો પ્રશ્ન છે, તો તટસ્થ રીતે જવાબ આપવામાં આવે તો અમુક રીતે એટલે નોકરી કરવા દેવી અને કામવાળી રાખવી કે રસોઈ વાળી રાખવી ત્યાં સુધીની યોગ્ય પણ છે. એટલે કે ભણતરની રીતે તેને સારું ભણેલો યુવક પસંદ કરવાની પૂર્ણ છૂટ કે સ્વતંત્રતા હોવી જોઈએ. પરંતુ જવાબદારીમાંથી કે કર્તવ્ય કર્મ માથી છટકવાની વાત પર વિચારવા જેવું ખરું! એટલે કે મા-બાપ તરફથી આપણી ભારતીય સંસ્કૃતિના મૂળ સંસ્કાર તો એને આપવાં જોઈએ, કે હવેથી એ તારું ઘર છે, એટલે તે ઘરનાં તમામને અપનાવી, અને તે મુજબનું જીવન જીવવાની, હવે તેણે ટેવ પાડવી પડશે, કમાતી દીકરી હોય તો મારાં પૈસા, મારી વસ્તું, એ બધું સતત થાય એ પણ બરાબર નથી, એ માટે ત્યાગ સમર્પણ ની ભાવના કેળવાય એવાં સંસ્કાર આપવા જરૂરી છે. અથવા તો પોતાના પતિના પગારમાંથી પણ પોતાનો જ પહેલો હક, એ વાત પણ બરાબર નથી, અને ઘરના બધાનો એમાં હિસ્સો અથવા જરૂરિયાત મુજબ વહેંચણી પ્રેમથી સ્વીકારી લે એવો નિર્દેશ પણ કરવો જોઈએ. કારણ જે તે માતા-પિતાએ તેના અઘરામાં અઘરા દિવસો કાઢી દિકરાનો ઉછેર કર્યો હોય, એ વાત ભૂલાવી ન જોઈએ.

પહેલા તો જ્ઞાતિની અંદર જ લગ્ન થતાં, એટલે જ્ઞાતિના રીત રિવાજોથી દીકરી પરિચિત હોય, અને જે ઘરમાં ઉછરી હોય ત્યાં પણ એ જ મુજબ જ હોય. એટલે સંસ્કૃતિ કે રહેણી કહેણીનાં પ્રશ્ન ઓછા આવે. પરંતુ આજકાલ પ્રેમલગ્નની પરંપરા ખૂબ જ ચાલી છે, એટલે બીજી સંસ્કૃતિ અપનાવવાની હોય ત્યારે થોડાક એલર્ટ માબાપે પણ રહેવું પડે, અને થોડી સમજદારી દેખાડવી પડે. માત્ર દિકરીના નહીં પણ દિકરાના માતાપિતા એ પણ આવાં પ્રકારની પૂછપરછ અને ખાનદાન તથા ભણતર અને પગાર વિશેની જાણકારી હોવી બહુ જરૂરી બને છે. દીકરીના માતા-પિતા એ માત્ર દીકરીનું જ હિત જોવું એ બરાબર નથી. ગૃહસ્થીના હિત માટે પણ અમુક નિર્ણયો લેવા જોઈએ, કારણ કે દરેક વખતે દીકરીનું પલ્લું જ ભારે રહે એવું જરૂરી નથી, અને અહમ વધતા ક્લેશ થાય, અને આ ક્લેશ મોટું સ્વરૂપ ધારણ કરે તો છુટાછેડા સુધીની નોબત આવે છે અને એ આજકાલની જનરેશન માટે બહુ જ સામાન્ય વાત થઈ ગઈ છે એ જ એક ચિંતાનો વિષય છે.

આજકાલ મહિલા સંરક્ષણ ના કાયદાઓ વધી જતાં ઘણી દિકરીઓ નાના કારણોસર ઘર છોડી જાય છે અને છૂટાછેડા માટે મોટી રકમની માંગણીઓ કરે છે જે વિશે પણ વિચારવું પડે. એટલે એકવાર લગ્ન કરી દઈએ પછી ક્યાં જશે! એ જમાનો હવે છે નહીં માટે બંને પક્ષે લગ્ન માટે કોઈ ઉતાવળ કરવી નહીં! નહીં તો વગર વાંકે કોઈપણ એક પક્ષને ભોગવવું પડે! અને આખી જિંદગી માટે ડિવોર્સીનું લેબલ લાગી જાય. ટૂંકમાં કહીએ તો જ્યાં લગ્ન કરવાનાં છે એ ઘરના મુખ્ય સંસ્કાર તેની ખાનદાની, અંદરોઅંદરનાં સ્વભાવ, શિક્ષણ અને શોખ વિશેની જાણકારી મેળવી ને લગ્ન કરવા એ પરંપરા વર્ષોથી ચાલી આવે છે. પરંતુ વધુ પડતા આગ્રહને કારણે દિકરીનું જીવન શરૂ થતાં પહેલાં જ વિખેરાઈ પણ શકે છે, એ યાદ રાખવું જોઈએ,પણ ધીરે ધીરે એરેન્જ મેરેજની સીસ્ટમ હવે પૂરી થશે, એવું આજની જનરેશન પરથી લાગે છે,અને કહેવાતા પ્રેમમાં શરુઆતમાં કોઈ શરત નથી હોતી, પણ પછીનું જીવન પ્રશ્નોથી ભરાયેલું હોય છે,જે ગમે તેટલું ભણતર હોય તો પણ સોલ્વ નથી થતાં, આ હકીકતનો પણ ઈન્કાર થઈ શકે તેમ નથી.એકવાત બીજી કે કોઈ પણ પક્ષ તરફથી રખાતી અપેક્ષા કાયમ અપેક્ષા જ રહે છે, જે સામેની બીજી વ્યક્તિને ખૂંચે જ છે, પછી એ સારાં હેતુથી રાખી હોય કે ખરાબ હેતુથી પણ, એ એટલું સારું પરિણામ નથી આપતી એ સત્ય છે. દાખલા તરીકે આપણે આપણા સંતાનો પાસેથી અમુક પ્રકારની અપેક્ષાઓ રાખીએ, કે તેણે આટલું ભણવુ, કમાતો હોય તો આપણને મદદ કરવી, કે પછી કર્તવ્ય કર્મ રૂપે વહું દિકરી એ ઘરકામ કરવા વગેરે,તો એ ફરજિયાત બને એટલે ન ગમે તેવું થાય. કમાતી વહું હોય તો એણે પણ ઘરખર્ચ ની કે અન્ય જવાબદારી માથે નાખવી, એટલે કોઈ પણ સંબંધમાં વધુ પડતી અપેક્ષા રાખવામાં આવે તો એ બરાબર નથી, અને બસ આવાં નાનાં નાનાં કારણોસર લગ્ન વિચ્છેદ થાય એ બરોબર નથી. આપણી સંસ્કૃતિમાં ગૃહસ્થી ની પ્રસન્નતા માટે બંને પક્ષોએ અંદરોઅંદરની સમજૂતી કેળવવી જોઈએ એ સત્ય આજકાલની જનરેશન એ સમજવા માટે નિર્દેશ કરેલ છે, કારણ કે અંતે તો માનવી એક સામાજિક પ્રાણી હોવાથી એને રહેવાનું તો સમાજમાં જ છે, એ સત્ય યાદ રાખી લગ્ન કરનાર બંને પરિવારો એ સમજીને એકબીજા પ્રત્યે બને એટલી ઓછી અપેક્ષા રાખવી જોઈએ.

---

**આજે વિજ્ઞાન, ટેક્નોલોજી સહિત વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ પોતાનું યોગદાન આપી રહી છે**

# આવતીકાલે આઠમી માર્ચ ૧૧૩મો આંતરરાષ્ટ્રીય મહિલા દિન... જ્યાં દરેકને સમાન અધિકાર અને સન્માન મળે, થીમ પર ઉજવાશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**દર વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ નક્કી કરવામાં આવે છે,આ વર્ષ ૨૦૨૪ની થીમ છે, ઇન્સ્પા યર ઇક્લુઝન, આનો અર્થ એવો થાય છે કે જ્યાં દરેકને સમાન અધિકાર અને સન્માન મળે**

આંતરરાષ્ટ્રીય મહિલા દિન દર વર્ષે આઠમી માર્ચના દિવસે સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે. આવતીકાલે તા.૦૮/૦૩/૨૦૨૪ને શુક્રવારે મહાશિવરાત્રી સાથે ૧૧૩ મો આંતરરાષ્ટ્રીય મહિલા દિન પણ છે.આ દિવસ ઉજવવા પાછળનો હેતુ વિશ્વની અડધી જનસંખ્યા એટલે કે નારી ઉત્કર્ષ માટે લોક જાગૃતિ લાવવાનો છે. સામાજિક ઉત્થાનમાં મહિલા ઓની ભૂમિકા ની અગત્યતાને ધ્યાનમાં લઈ તેમનામાં શિક્ષણનો વ્યાપ વધે તેમ જ તેઓ કુરિવાજો તથા રૂઢિઓ માંથી બહાર આવે તે માટેનું આયોજન કરવામાં આવે છે. વર્તમાન સમય માં પણ ત્રીજા વિશ્વના દેશોમાં સ્ત્રી સાક્ષરતાનો દર ઘણો નીચો છે. જો કે મહિલા ઓમાં જાગૃતિ પણ એટલા જ પ્રમાણમાં દેખાય રહી છે. આજે વિજ્ઞાન, ટેક નોલોજી સહિત વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ પોતાનું યોગદાન આપી રહી છે. આમ છતાં ભારતદેશ અને એમાં ગુજરાત રાજ્યમાં પણ સરકાર કન્યા કેળવણી અભિયાનબેટી બચાવો અભિયાન,સ્ત્રી ભ્રૂણહત્યા નિવારણ જેવા પ્રયાસ આદરી નારીઓના ઉત્થાનમાં યોગ દાન કરી રહેલ છે. વર્તમાન સમયમાં અવકાશ સંશોધન અને રમત-ગમત જેવાં ક્ષેત્રોમાં પણ મહિલા ઓએ પોતાની ક્ષમતા પુરવાર કરી રહી છે. આજે મહીલાઓ પુરૂષ સાથે ખભે ખભો મિલાવીને આગળ વધી રહી છે. સ્ત્રીઓ શક્તિનું સ્વરૂપ છે. સ્ત્રીઓ તેમના સમગ્ર જીવન દરમ્યાન પોતાના પરીવાર માટે ખૂબ જ સંઘર્ષ કરે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન દર વર્ષે ૮મી માર્ચના દિવસે સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ વિશ્વની અડધી જનસંખ્યા એટલે કે નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે. સામાજિક ઉત્થાનમાં મહિલાઓની ભૂમિકાની અગત્યતાને ધ્યાનમાં લઈ તેમનામાં શિક્ષણનો વ્યાપ વધે તેમ જ તેઓ કુરિવાજો તથા રૂઢિઓમાંથી બહાર આવે તે માટેનું આયોજન કરવામાં આવે છે. વર્તમાન સમયમાં પણ ત્રીજા વિશ્વના દેશોમાં સ્ત્રી સાક્ષરતાનો દર ઘણો નીચો છે. જો કે મહિલાઓમાં જાગૃતિ પણ એટલા જ પ્રમાણમાં દેખાય રહી છે. આજે વિજ્ઞાન, ટેકનોલોજી સહિત વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ પોતાનું યોગદાન આપી રહી છે. આમ છતાં ભારત દેશ અને એમાં ગુજરાત રાજ્યમાં પણ સરકાર કન્યા કેળવણી અભિયાન, બેટી બચાવો અભિયાન, સ્ત્રી ભ્રૂણહત્યા નિવારણ જેવા પ્રયાસ આદરી નારીઓના ઉત્થાનમાં યોગદાન કરી રહેલ છે. વર્તમાન સમયમાં અવકાશ સંશોધન અને રમત-ગમત જેવાં ક્ષેત્રોમાં પણ મહિલાઓએ પોતાની ક્ષમતા પુરવાર કરી રહી છે. આજે મહીલાઓ પુરૂષ સાથે ખભે ખભો મિલાવીને આગળ



વધી રહી છે. સ્ત્રીઓ શક્તિનું સ્વરૂપ છે. સ્ત્રીઓ તેમના સમગ્ર જીવન દરમ્યાન પોતાના પરીવાર માટે ખૂબ જ સંઘર્ષ કરે છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓના ઉત્થાન માટે લોકો પ્રયત્નશીલ બન્યા છે.

વર્તમાન સમયમાં સ્ત્રીઓના ઉત્થાન માટે લોકો પ્રયત્નશીલ બન્યા છે. ક્લેરા ડાબેરી કાર્યકર હતાં. તેઓ મહિલાઓના અધિકારો માટે અવાજ ઉઠાવતાં હતાં. તેમણે ડેનમાર્કની રાજધાની કોપન હેગન માં કાર્યકારી મહિલા ઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં ૧૯૧૦માંઆંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવાનું સૂચન કર્યું હતું. તે કૉન્ફરન્સમાં સતર દેશોમાંથી સો મહિલાઓ સામેલ થયાં હતાં અને તેમણે સર્વાનુમતે ક્લેરાના સૂચનને સ્વીકારી લીધું. પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૧૯૧૧માં ઑસ્ટ્રિયા ડેનમાર્ક, જર્મની અને સ્વિટ્ઝર્લૅન્ડ માં ઉજવવામાં આવ્યો હતો. તેની શતાબ્દીની ઉજવણી ૨૦૧૧માં કરવામાં આવી હતી. તેથી, તકનીકી રીતે આ વર્ષે ૧૧૩મો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ મનાવવામાં આવી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને ઔપચારિક રીતે ૧૯૭૫માં માન્યતા આપવામાં આવી હતી જ્યારે સંયુક્ત રાષ્ટ્રએ પણ તેની ઉજવણી કરવાનું શરૂ કર્યું હતું. આ માટે સૌપ્રથમ થીમ યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૯૯૬માં પસંદ કરવામાં આવી હતી, જેનું નામ હતું 'સેલેબ્રેટિંગ ધ પાસ્ટ ઍન્ડ પ્લાનિંગ ફૉર ફ્યૂચર' અર્થાત કે વીતી ગયેલા સમયની ઉજવણી અને ભવિષ્યની યોજના બનાવવી. આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે સમાજમાં,રાજકારણ માં અને આર્થિક ક્ષેત્રમાં મહિલા ઓની પ્રગતિની ઉજવણી કરવાનો દિવસ બની ગયો છે. જ્યારે તેની પાછળ નો મૂળ હેતુ હડતાલ પાડીને અને વિરોધ પ્રદર્શનો કરીને મહિલાઓ અને પુરુષો વચ્ચેની અસમાનતા વિશે જાગૃતિ ફેલાવવાનો છે. દર વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ નક્કી કરવામાં આવે છે. આ વર્ષ ૨૦૨૪ની થીમ છે- ઈન્સ્પા યર ઈક્લુઝન(Inspire Inclusion). આનો અર્થ એવો થાય છે કે જ્યાં દરેકને સમાન અધિકાર અને સન્માન મળે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો ઈતિહાસ એક સદીથી પણ વધુ જૂનો છે. કેટલાક લોકો આ દિવસ ની ઉજવણીનું કારણ નારી વાદને માને છે.

જોકે તેના મૂળ શ્રમિક આંદોલન સાથે જોડાયેલા છે. તેની શરૂઆત વર્ષ ૧૯૦૮માં થઈ હતી, જ્યારે લગભગ પંદર હજાર મહિલાઓ અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં પોતાના અધિકારો માટે રસ્તા પર ઉતરી હતી.આ મહિલા ઓની માંગ કામકાજના કલાકો ઘટાડવા, કરેલા કામના હિસાબે પગાર આપવા અને મત દાનનો અધિકાર આપવાની પણ હતી. મહિલાઓના આ વિરોધના એક વર્ષ પછી,અમેરિકાની સમાજવાદી પાર્ટીએ પ્રથમ રાષ્ટ્રીયમહિલા દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી. પ્રખ્યાત જર્મન એક્ટિવિસ્ટ ક્લેરા જેટકીનના પ્રયત્નોને કારણે આંતર રાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસે વર્ષ ૧૯૧૦માં મહિલા દિવસના આંતર રાષ્ટ્રીય સ્વરૂપને મંજૂરી આપીહતી અને આ દિવસે જાહેર રજાની સહમતી આપી હતી.તે સમયે ક્લેરા યુરોપિયન દેશ ડેન માર્કની રાજધાની કોપનહેગનમાં વર્કિંગ વુમનની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ માં ભાગ લઈ રહી હતી.ત્યાં હાજર તમામ મહિલાઓએ તેમનું સમર્થન કર્યું અને વર્ષ ૧૯૧૧માં ઓસ્ટ્રિયા, ડેનમાર્ક, જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડમાં પ્રથમ વખત મહિલા દિવસની ઉજવણી ૧૯મી માર્ચે કરવામાં આવી હતી.જોકે વર્ષ ૧૯૨૧માં મહિલા દિવસની તારીખ બદલીને આઠ માર્ચ કરવા માં આવી હતી. ત્યારથી લઈને અત્યાર સુધી આઠ માર્ચે દુનિયા ભરમાં મહિલા દિવસ મનાવવામાં આવે છે. આ પછી ૧૯૭૫માં સંયુક્ત રાષ્ટ્રએ સત્તા વાર રીતે મહિલા દિવસને માન્યતા આપી અને તેની ઉજવણી માટે માર્ચની આઠ તારીખ નક્કી કરી. ત્યારથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ દર વર્ષે આઠ માર્ચે ઉજવવામાં આવે છે.મહિલા દિવસ મનાવવાનું કારણ શું?આ દિવસ મહિલાઓ પ્રત્યેના ભેદભાવને દૂર કરવા માટે વિશ્વ ભરમાં ઉજવવામાં આવે છે. આ દિવસ એટલા માટે પણ સેલિ બ્રેટ કરવામાં આવે છે જેથી મહિલાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય અને તેમની સિદ્ધિઓ પણ ગર્વ કરી શકાય.આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનું પ્રતિનિધિત્વ કરતા ત્રણ રંગો સફેદ, લીલો અને જાંબલી છે. મહિલા દિવસ અભિયાન મુજબ, સફેદ રંગ શુદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે,લીલો રંગ આશાનું પ્રતિ નિધિત્વ કરે છે અને જાંબલી રંગ ન્યાય અને ગૌરવનું પ્રતિનિધિ ત્વ કરે છે. ગત વર્ષની યુએનની થીમ ડિજીટ ઓલ હતી. લિંગ સમાનતા માટે નવીનતા અને ટેકનોલોજી છે.

## ન્યુઝ બોક્ષ

### ઘણી કંપનીઓ ચલાવે છે મુકેશ અંબાણીના થનારા વેવાઈ વિરેન મર્ચન્ટ

। નવી દિલ્હી, તા.૬ ।

ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ જુલાઈમાં મુંબઈમાં લગ્ન કરશે. આ પહેલા જામનગરમાં ૧ માર્ચથી ૩ માર્ચ દરમિયાન બંનેની પ્રી-વેડિંગ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દુનિયાભરની અનેક જાણીતી હસ્તીઓએ ભાગ લીધો હતો. અંબાણી પરિવારની વહુ બનવા જઈ રહેલી રાધિકા મર્ચન્ટના પિતા વિરેન મર્ચન્ટ એન્કોર હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ છે. દેશની સૌથી મોટી ફાર્માસ્યુટિકલ કંપનીઓમાં તેનો સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર ઈહર્ષી વાર્ષિક છ અબજથી વધુ ગોળીઓનું ઉત્પાદન કરે છે. મુકેશ અંબાણીના ભાવિ વેવાઈ વિરેન મર્ચન્ટ પણ ઘણી મોટી કંપનીઓમાં ડિરેક્ટર છે. મર્ચન્ટ પરિવારનો સંબંધ ગુજરાતના કચ્છ પ્રદેશનો છે. ૧૬ જાન્યુઆરી ૧૯૬૭ના રોજ જન્મેલા વિરેન મર્ચન્ટનું બાળપણ મુંબઈમાં વિત્યું હતું. સ્નાતક થયા પછી તેમણે પોતાનો વ્યવસાય શરૂ કર્યો. વિરેન મર્ચન્ટ એન્કોર હેલ્થકેરના સીઈઓ અને વાઈસ ચેરમેન છે. તેઓ એન્કોર નેચરલ પોલિમર પ્રાઈવેટ લિમિટેડ, એન્કોર બિઝનેસ સેન્ટર પ્રાઈવેટ લિમિટેડ, એન્કોર પોલીફ્રેક પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ, ઝેડવાયજી ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ, સાઈ દર્શન બિઝનેસ સેન્ટર્સ પ્રાઈવેટ લિમિટેડ સહિતની કંપનીઓમાં ડિરેક્ટર પણ છે. પરંતુ તેઓ હંમેશા લાઈમલાઈટથી દૂર રહે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર તેમની કુલ સંપત્તિ લગભગ ૭૫૦ કરોડ રૂપિયા છે. તેમની પત્ની શૈલા મર્ચન્ટ એક સફળ ઉદ્યોગસાહસિક છે. વિરેન અને શૈલાએ ૨૦૦૨માં એન્કોર હેલ્થકેરની સ્થાપના કરી હતી. ૧૮ ડિસેમ્બર ૧૯૯૪ના રોજ જન્મેલી રાધિકા મર્ચન્ટ ન્યૂયોર્ક યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ છે. ન્યૂયોર્કથી અભ્યાસ પૂરો કર્યા બાદ તેણે ઈન્ડિયા ફર્સ્ટ ઓર્ગેનાઈઝેશનમાં ઈન્ટર્નશિપ કરી હતી. રાધિકાએ રિયલ એસ્ટેટ કંપની ઈસ્પ્રાવામાં જુનિયર સેલ્સ મેનેજર તરીકે પણ કામ કર્યું હતું.

### ૨૦૨૨ની સાથે સરખામણી કરવામાં આવે તો ૫.૫ ટકા ઓછા વિઝા આપ્યા

# UKએ સ્ટડી વિઝા ઈશ્યૂ કરવાનું ઘટાડી દીધું, છતાં ભારતીયોને સૌથી વધુ વિઝા આપ્યા

### વર્ષ ૨૦૨૩માં યુકેએ ૪.૫૭ લાખ લોકોને સ્ટુડન્ટ વિઝા આપ્યા હતા પરંતુ ૨૦૨૨ની સાથે સરખામણી કરવામાં આવે તો યુકેએ ૫.૫ ટકા ઓછા સ્ટડી વિઝા આપ્યા છે

। નવી દિલ્હી, તા.૬ ।

યુકેની કોલેજો અને યુનિવર્સિટીઓ દુનિયાભરના સ્ટુડન્ટ્સને આકર્ષી રહી છે. જોકે, તાજેતરમાં સ્ટુડન્ટ વિઝાને લઈને પોલિસીમાં થયેલા ફેરફારના કારણે સ્ટડી વિઝા ઈશ્યૂ કરવાનું પ્રમાણ ઘટી ગયું છે. યુકે સરકારના લેટેસ્ટ આંકડા મુજબ ૨૦૨૩માં યુકેએ અગાઉ કરતા ઓછા સ્ટુડન્ટ વિઝા ઈશ્યૂ કર્યા છે.

આમ છતાં ભારત એ યુકેના એજ્યુકેશન સેક્ટર માટે મહત્ત્વનું માર્કેટ છે અને ભારતીય વિદ્યાર્થીઓનું પ્રમાણ મોટું છે. વર્ષ ૨૦૨૩માં યુકેએ ૪.૫૭ લાખ લોકોને સ્ટુડન્ટ વિઝા આપ્યા હતા. પરંતુ ૨૦૨૨ની સાથે સરખામણી કરવામાં આવે તો યુકેએ ૫.૫ ટકા ઓછા સ્ટડી વિઝા આપ્યા છે. કેલેન્ડર વર્ષની રીતે જોવામાં આવે તો ૨૦૨૩નો ટોટલ આંકડો સેકન્ડ હાઈએસ્ટ હતો. ૨૦૧૯ના વર્ષ કરતા ૨૦૨૩માં ૭૦ ટકા વધારે સ્ટડી વિઝા ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. ૨૦૨૨ની તુલનામાં ૨૦૨૩માં ૧૪ ટકા ઓછા ભારતીયોએ યુકેના સ્ટડી વિઝા મેળવ્યા હતા. આમ છતાં સ્ટડી વિઝામાં ભારત એ સૌથી મોટા માર્કેટનું સ્થાન ધરાવે છે.

ભારતીય અરજકર્તાઓને એક વર્ષમાં કુલ ૧,૨૦,૧૧૦ વિઝા ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. એટલે કે યુકેએ કુલ સ્ટડી વિઝા ઈશ્યૂ કર્યા તેમાં એકલા ભારતનો લગભગ ૨૬ ટકા હિસ્સો હતો. ભારત પછી ચીન બીજા નંબર પર હતું અને ચાઈનીઝ સ્ટુડન્ટ્સને ૧,૦૯,૫૬૪ વિઝા ઈશ્યૂ થયા હતા. વર્ષ ૨૦૨૨ની તુલનામાં ચીનના સ્ટુડન્ટ્સને ૬ ટકા વધારે વિઝા અપાયા હતા. આફ્રિકાનો દેશ નાઈજિરિયા ત્રીજા નંબર પર હતો અને તેને ૪૨૧૬૭ વિઝા ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. જોકે, અગાઉના વર્ષ સાથે સરખામણી કરવામાં આવે તો નાઈજિરિયાને ૨૮ ટકા ઓછા વિઝા ઈશ્યૂ થયા છે. ત્યાર બાદ પાકિસ્તાનના સ્ટુડન્ટને ૩૧,૧૬૫ વિઝા, અમેરિકન વિદ્યાર્થીઓને ૧૪,૬૩૩ વિઝા ઈશ્યૂ થયા છે. આ બંને દેશના સ્ટુડન્ટને ૨૦૨૨ની તુલનામાં ૨૦૨૩માં ઓછા વિઝા અપાયા હતા. ૨૦૨૩માં કુલ ૬.૦૧ લાખ સ્પોન્સર્ડ સ્ટડી વિઝા ઈશ્યૂ કરવામાં આવ્યા હતા જ્યારે અગાઉના વર્ષમાં આ આંકડો ૬.૧૯ લાખનો હતો. એટલે કે કુલ વિઝામાં ત્રણ ટકાનો ઘટાડો નોંધાયો હતો. દુનિયાભરમાં સ્ટુડન્ટ વિઝા પોલિસી પરના એક અભ્યાસ પ્રમાણે યુકે, કેનેડા અને ઓસ્ટ્રેલિયાએ પોતાની નીતિમાં જે ફેરફાર કર્યો છે તેની અસર વિદેશી સ્ટુડન્ટ્સના આયોજન પર પડી છે. યુકે હંમેશાથી ઈન્ટરનેશનલ સ્ટુડન્ટને આવકારતો દેશ રહ્યો છે, પરંતુ ૨૦૨૩ના મધ્યમાં રિશિ સુનક સરકારે એવી કેટલીક જાહેરાતો કરી જેના કારણે વિદ્યાર્થીવર્ગ ચિંતામાં છે. યુકે હવે વિદેશી સ્ટુડન્ટ્સની સંખ્યાને કન્ટ્રોલ કરવા માંગે છે અને તે માટે તેણે સ્ટુડન્ટના આશ્રિતોને યુકે આવવા ન દેવાનું નક્કી કર્યું છે. આ ઉપરાંત લઘુતમ સેલેરીના ધોરણ પણ વધારી દેવાયા છે.

### ભારતીય રિઝર્વ બેન્કના ક્રેડિટ કાર્ડ અંગે નવા નિયમો

## ક્રેડિટ કાર્ડ માટ ગ્રાહકોને નેટવર્કની પસંદગીનો વિકલ્પ આપવો પડશે

। નવી દિલ્હી, તા.૬ ।

ભારતીય રિઝર્વ બેન્કે ૬ માર્ચ ૨૦૨૪એ કહ્યુ કે ક્રેડિટ કાર્ડ જારીકર્તાઓએ કાર્ડ નેટવર્કની સાથે કોઈ કરાર કરવા જોઈએ નહીં. આ તેમને અન્ય કાર્ડ નેટવર્કની સેવાઓનો લાભ ઉઠાવવાથી રોકે છે. આરબીઆઈએ કહ્યુ કે કાર્ડ જારીકર્તાઓએ કાર્ડ જારી કરતી વખતે પોતાના લાયક ગ્રાહકોને ઘણા બધા કાર્ડ નેટવર્કમાંથી પસંદ કરવાનો વિકલ્પ પણ આપવો પડશે. વર્તમાન કાર્ડધારકો માટે આ વિકલ્પ આગામી નવીનીકરણના સમયે આપવામાં આવી શકે છે. આ પગલુ આરબીઆઈ તરફથી એ જોયા બાદ આવ્યુ છે કે કાર્ડ નેટવર્ક અને કાર્ડ જારીકર્તાઓની વચ્ચે હાજર અમુક વ્યવસ્થાઓ ગ્રાહકો માટે વિકલ્પની ઉપલબ્ધતા માટે અનુકૂળ નથી. સેન્ટ્રલ બેંક ડાયરેક્ટિવ અમેરિકન એક્સપ્રેસ બેંકિંગ કોર્પો., ડીનર્સ ક્લબ ઈન્ટરનેશનલ લિ., માસ્ટરકાર્ડ એશિયા/પેસિફિક પીટીઈ. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા-રુપે અને વિઝા વર્લ્ડવાઈડ પીટીઈ લિમિટેડ તરીકે અધિકૃત કાર્ડ નેટવર્કને વ્યાખ્યાયિત કરે છે.

## બિટકોઈનની કિંમત ૬૯,૦૦૦ ડોલરની ઊંચી સપાટીએ પહોંચી

। નવી દિલ્હી, તા.૬ ।

તાજેતરમાં બિટકોઈનની કિંમત ૬૯,૦૦૦ ડોલરની ઉંચી સપાટીએ પહોંચી છે. તેનું કારણ એ છે કે યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (એસઈસી)એ બિટકોઈન ઈટીએફને મંજૂરી આપી હતી. આ પછી બિટકોઈનમાં રોકાણ કરવા માટે લોકોનો વિશ્વાસ વધ્યો છે. બિટકોઈન રસપ્રદ બાબતો જાણીએ. બિટકોઈન વિશે સૌથી રહસ્યમય વાત એ છે કે ૧૫ વર્ષથી વધુ સમય પછી પણ કોઈ તેના સ્થાપકનું નામ જણાવી શક્યું નથી. આ ક્રિપ્ટોકરન્સીનું વ્હાઈટપેપર ૩૧ ઓક્ટોબર, ૨૦૦૮ના રોજ રજૂ કરવામાં આવ્યું હતું, જે સાતોશી નાકામોટો દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું. એવું કહેવાય છે કે સાતોશી નાકામોટોએ આ વર્ચ્યુઅલ મનીનો પાયો નાખ્યો હતો. પરંતુ શું સાતોશી એક વ્યક્તિનું કે લોકોની ટીમનું સાચું નામ છે? છેલ્લા કેટલાક વર્ષોમાં આ અંગે અનેક દાવાઓ સામે આવ્યા છે પરંતુ રહસ્ય હજુ પણ અકબંધ છે.

ઑસ્ટ્રેલિયન ઉદ્યોગ સાહસિક અને કમ્પ્યુટર ટેકનિશિયન ક્રેગ રાઈટ દાવો કરે છે કે તેઓ ૨૦૧૬ થી વ્હાઈટપેપર લખી રહ્યા છે. જો કે તેની સત્યતા બાબતે સ્પષ્ટ કરવા માટે લંડનમાં ટ્રાયલ ચાલી રહી છે.

### કૌશલ્ય વૃદ્ધિ માટે અનન્ય તકોને પૂરી પાડવા માટે નવા અભ્યાસક્રમો

## અમદાવાદમાં ડો. પોપીઝ ઇન્સ્ટિટ્યૂટ ફોર મેડિકલ ડેન્ટલ એન્ડ એસ્થેટિક કોસ્મેટોલોજી ઇન્સ્ટિટ્યૂટનો ભવ્ય પ્રારંભ




। અમદાવાદ, તા.૬ ।

તાજેતરમાં શહેરના જાણીતા તબીબ ડૉ. વિવેક મહેતા જે અદૃશ્ય એલાઈનર્સ, ડેન્ટલ ઈમ્પ્લાન્ટ્સ, બોટોક્સ અને ફિલર્સમાં વિશેષતા ધરાવતા ડાયનેમિક કોસ્મેટિક ડેન્ટિસ્ટ છે અને મુંબઈમાં યોજનાર પ્રતિષ્ઠિત ફેમડેન્ટ એવોર્ડ્સ ૨૦૨૪માં વર્ષના ઉત્કૃષ્ટ ડેન્ટિસ્ટ કેટેગરીમાં અમદાવાદ શહેરના એકમાત્ર નામાંકિત ડૉક્ટર છે, એમના અને નિષ્ણાત ડેન્ટલ ડૉક્ટર ડૉ. પ્રતિભા ગુપ્તાના નેજા હેઠળ, શહેરમાં સૌપ્રથમવાર ડૉ. પોપીઝ ઈન્સ્ટિટ્યૂટ ફોર મેડિકલ ડેન્ટલ એન્ડ એસ્થેટિક કોસ્મેટોલોજી નામની એક નવી સંસ્થા શરૂ કરવામાં આવી છે.

આ સંસ્થા અનુભવી કોસ્મેટિક સર્જન્સ, કોસ્મેટોલોજિસ્ટ્સ અને સૌંદર્યલક્ષી મેડિસિન્સના નિષ્ણાતો દ્વારા શીખવવામાં આવતા અભ્યાસક્રમો ઓફર કરવાની અને આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવામાં ઈચ્છુક સ્ટુડેંટ્સના કૌશલ્ય વૃદ્ધિ માટે અનન્ય તક પૂરી પાડવાની યોજના ધરાવે છે.

આ ઈન્સ્ટિટ્યૂટની ફિલસૂફી વિશે વધુ માહિતી શેર કરતા, ડૉ. વિવેક મહેતાએ જણાવ્યું હતું કે, ‘‘અમારી સંસ્થા અનન્ય રીતે મેડિકલ ક્ષેત્રના અનુભવી શિક્ષકોથી સજ્જ છે જે જીવનભર શીખવાની તકો અને માર્ગદર્શન આપશે. અમારા ડોકટરોની અનુભવી ટીમ વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ એપ્લીકેશન અને સર્વગ્રાહી શિક્ષણ અભિગમ પર ભાર મુકીને માર્ગદર્શન આપશે.’’

ઈન્સ્ટિટ્યૂટમાં ઓફર કરાયેલા અભ્યાસક્રમો વિશે વધુ વિગતો શેર કરતાં, ડૉ. પ્રતિભા ગુપ્તાએ જણાવ્યું હતું કે, ‘‘અમે સૌંદર્ય શાસ્ત્રી અથવા બ્યુટી થેરાપિસ્ટ બનવામાં રસ ધરાવતા બિન-તબીબી વ્યક્તિઓ માટે ૨-૭ દિવસની લવચીક અવધિ સાથે, અને એમના જરૂરિયાતના આધારે વિસ્તરણની શક્યતા સાથે અભ્યાસક્રમો પણ ઓફર કરીએ છીએ.’’

ડૉ. પોપીઝ ઈન્સ્ટિટ્યૂટ ફોર મેડિકલ ડેન્ટલ એન્ડ એસ્થેટિક કોસ્મેટોલોજી તમામ રસ ધરાવતા વિદ્યાર્થીઓને આજીવન શિક્ષણ અને કૌશલ્ય વિકાસની આ જાદુઈ સફરમાં જોડાવા આમંત્રણ આપે છે.

BOLLYWOOD NEWS FLASH




અદા શર્મા એક આઇપીએસ અધિકારીની ભૂમિકામાં જબરજસ્ત એક્ટિંગ કરતી દેખાઈ

## બસ્તરઃ ધ નક્સલ સ્ટોરીનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું

વિપુલ અમૃતલાલ શાહ ‘ધ કેરલ સ્ટોરી’ ખૂબ સકસેસ રહી. ત્યારબાદ વિપુલ અમૃતલાલ શાહ, સુદીપ્તો સેન અને અદા શર્મા જબરજસ્ત પરફોર્મ માટે તૈયાર છે. જલદી આ ત્રણની જોડી ‘બસ્તરઃ ધ નક્સલ સ્ટોરી’ની સાથે આવી રહ્યા છે. ફેન્સ આ મુવીને લઈને સુપર એક્સાઈટેડ છે. જો કે હવે મેકર્સે ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરી દીધુ છે. ટ્રેલર દમદાર છે જે માઓવાદના મુદ્દા પર વાત કરે છે. આ જોઈને તમે અનેક પ્રકારના ઈમોશન્સને ફીલ કરી શકો છો. આ ફિલ્મમાં અદા શર્મા આઈપીએસ અધિકારીની ભૂમિકામાં દમદાર ડાયલોગ બોલતી નજરે પડી રહી છે. એક્ટ્રેસ અદા શર્માની આગામી ફિલ્મ ‘બસ્તરઃ ધ નક્સલ સ્ટોરી’નુ ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. ટ્રેલરમાં અદાની દમદાર ભૂમિકા જોવા મળી રહી છે. એક્ટ્રેસને નક્સલીઓ વિરુદ્ધ લડતા જોઈ શકો છો. ટ્રેલરમાં નક્સલીઓ દ્વારા સીઆરપીએફ જવાનોની હત્યા વિશે બતાવવામાં આવ્યુ છે. બે મિનિટ અને ૩૬ સેકન્ડના લાંબા ટ્રેલર ભારતમાં માઓવાદીઓના આતંકને સ્થાપિત કરવાથી શરૂ થાય છે. કહેવાય છે કે આ આઈએસઆઈએસ અને બોકો હરામ પછી દુનિયામાં ત્રીજો સૌથી ખતરનાક આતંકવાદી સંગઠન છે.

## આજે હું અભિનેત્રી છું તો તે કરણ જોહરને કારણે

જેની ઘણા સમયથી ફિલ્મ રસિકો રાહ જોઈ રહ્યા હતા એ સિદ્ધાર્થ મલ્હોત્રાની એક્શન ફિલ્મ ‘યોધા’ આવી રહી છે. આ ફિલ્મના ટ્રેલરની લૉન્ચિંગ ઈવેન્ટ ૨૯ ફેબ્રુઆરીએ યોજાઈ હતી, જેમાં કરણ જોહર, રાશિ ખન્ના અને દિશા પટણી સહિત ફિલ્મની ટીમના લગભગ તમામ સભ્યો હાજર હતા. ઈવેન્ટમાં દિશા પટાનીએ જણાવ્યું કે કેવી રીતે કરણ જોહરનું ધ્યાન તેના મોડલિંગના દિવસો દરમિયાન તેનાં પર ગયું હતું. દિશાએ મૉડેલિંગનાં દિવસો યાદ કરતાં કહ્યું હતું કે, ‘‘આજે હું અભિનેત્રી છું તો તે કરણ જોહરને કારણે, કારણ કે તે મારા મોડલિંગના દિવસોમાં મારા પર ધ્યાન આપનારાઓમાંનો એક હતો. ત્યારે મારી ઉંમર માત્ર ૧૮ વર્ષની હતી. મને લાગે છે કે જો તેણે મને તે સમયે સ્પોટ કરી ન હોત તો હું આ ક્ષેત્રમાં ન હોત. લોકો તેમના પર ભલે ગમે તેટલા આરોપ લગાવે, પરંતુ તમને જણાવી દઉં કે હું બહારની વ્યક્તિ છું. તેણે મને આ તક આપી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કરણ જોહરે ઈવેન્ટમાં નેપોટીઝમના આરોપો પર વાત કરી હતી. તેણે કહ્યું હતું કે, ‘લોકો અમારા પર આરોપ લગાવે છે કે



**લોકો તેમના પર ભલે ગમે તેટલા આરોપ લગાવે, પરંતુ તમને જણાવી દઉં કે હું બહારની વ્યક્તિ છું**

અમે ફક્ત આંતરિક લોકો સાથે કામ કરીએ છીએ, તો શશાંક ખેતાન (ફિલ્મ નિર્માતા) આઉટસાઈડરના બ્રાન્ડ એમ્બેસેડર છે. ‘યોદ્ધા’ના દિગ્દર્શકો સાગર અને પુષ્કર બહારના લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. જો હવે ફરી કોઈ અમને આના પર ટ્રોલ કરે, તો તેમણે ‘યોદ્ધા’ જોવી જોઈએ, જેનો મુખ્ય અભિનેતા પણ ઑટસાઈડર જ છે. દિશા પટાનીની વાતો વચ્ચે સિદ્ધાર્થ મલ્હોત્રાએ પોતાનો વિચાર વ્યક્ત કર્યો અને કહ્યું, ‘દિશા શું વાત કરે છે! હું પણ તારા જેમ જ છું’ વાસ્તવમાં, સિદ્ધાર્થ મલ્હોત્રા ૨૦૧૨ની ફિલ્મ ‘સ્ટુડન્ટ ઑફ ધ યર’નો ઉલ્લેખ કરી રહ્યો હતો, જેનાથી તેણે ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મ કરણ જોહરે ડિરેક્ટ કરી હતી. તમને જણાવી દઈએ કે દિશા પટણી ૨૦૧૬માં આવેલી ફિલ્મ ‘એમએસ ધોનીઃ ધ અનટોલ્ડ સ્ટોરી’માં પહેલીવાર સપોર્ટિંગ રોલમાં જોવા મળી હતી. દિશાપટાનીના નિવેદન પર કરણ જોહરે તેને ગળે લગાવીને કહ્યું હતું કે ‘આઈ લવ યુ’.

## સ્વાતંત્ર્ય વીર સાવરકર બનીને રણદીપએ બધાને કરી દીધા ઇમ્પ્રેસ


સાહિબ બીબી ઔર ગેંગસ્ટર, સુલ્તાન જેવી અનેક ફિલ્મોમાં પોતાના અભિનયથી ઈન્ડસ્ટ્રીમાં પોતાનું નામ રોશન કરનાર રણદીપ હુડ્ડા આ દિવસોમાં એમની ડાયરેક્શન ફિલ્મને લઈને ખૂબ ચર્ચામાં છે. એક્ટરે ફિલ્મ સ્વાતંત્ર્ય વીર સાવરકરમાં અભિનયની સાથે-સાથે ડાયરેક્શન પણ કર્યુ છે. આ ફિલ્મમાં એક્ટેર સ્વતંત્રા સેનાની વિનાયર દામોદર સાવરકરની ભૂમિકા નિભાવી રહ્યા છે. રણદીપે જ્યારે આ ફિલ્મનું એનાઉસમેન્ટ કર્યુ ત્યારથી દર્શકો આ મુવીને લઈને સુપર એક્સાઈટેડ છે. જો કે ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. આ ટ્રેલર ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યુ છે. આ ટ્રેલર જોયા પછી ફેન્સ મુવી ક્યારે રિલીઝ થશે એની રાહ જોઈ રહ્યા છે. ટ્રેલરની શરૂઆત રણદીપ હુડ્ડાના ડાયલોગથી થાય છે, જેમાં એ કહેતા જોવા મળી રહ્યા છે કે આપણે બધા ભણ્યા છીએ કે ભારતને આઝાદીથી અહિંસાથી મળી છે. આ એ કહાની નથી. ટ્રેલરમાં બતાવવામાં આવ્યુ છે કે સાવરકરે કેવી રીતે અખંડ ભારતની લડાઈ લડી. કેવી રીતે એમને ભારતને આઝાદ કરાવવા માટે પોતાની ટીમ ઉભી કરીને અંગ્રેજોને ભારતથી ભાગવા પર મજબૂર કરી દીધા. રણદીપ હુડ્ડા વીર સાવરકરના રોલમાં પ્રોપર લાગી રહ્યા છે. એક્ટેરે આ રોલ માટે જેટલું ટ્રાન્સફોર્મેશન કર્યુ છે એ ફેન્સ ઈમ્પ્રેસ કરે છે. ટ્રેલરમાં સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યું છે કે રણદીપે માત્ર આ ભૂમિકા નિભાવી હતી.

## પૈસાનો વરસાદ થતાં ગોવિંદાને સમજાતું નહોતું કે ક્યાં ખર્ચવા

**ગોવિંદાએ પોતાના કરિયરમાં એક્શનથી લઈને ઈમોશનલ અને કોમેડી સુધી દરેક પ્રકારના પાત્રો ભજવ્યા છે**

એક સમય હતો જ્યારે બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ગોવિંદાનો બોક્સ ઓફિસ પર દબદબો હતો. તેની ફિલ્મો રિલીઝ થતાની સાથે જ સિનેમાઘરોમાં ધમાલ મચાવવા લાગતી હતી. તેણે પોતાના કરિયરમાં ઘણી ફિલ્મો આપી અને સતત લોકોના દિલ જીત્યા. આજે અમે તમને ગોવિંદા સાથે જોડાયેલી એક એવી જ વાત જણાવવા જઈ રહ્યા છીએ, જેને જાણીને તમે ચોંકી જશો. ૧૬૫થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકેલા ગોવિંદા ભલે આજે પડદાથી દૂર હોય પરંતુ એક સમય એવો હતો જ્યારે સ્ટાર્સ તેમના જેવું સ્ટારડમ મેળવવા માંગતા હતા. ગોવિંદાએ પોતાના કરિયરમાં એક્શનથી લઈને ઈમોશનલ અને કોમેડી સુધી દરેક પ્રકારના પાત્રો ભજવ્યા છે. ૮૦-૯૦ના દાયકામાં ગોવિંદા પાસે ફિલ્મોની કતાર હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જ્યારે ગોવિંદાને ફિલ્મો દ્વારા પૈસા મળવા લાગ્યા ત્યારે તેને ખબર નહોતી પડતી કે આ પૈસાનું શું કરવું. અહેવાલ મુજબ, ૨૦૧૪માં ગોવિંદા વિનય પાઠકના ચેટ શો ‘હર ઘર કુછ કહેતા હૈ’માં દેખાયો હતો, જેમાં તેણે સ્વીકાર્યું હતું કે તેણે એટલા પૈસા કમાવવાનું શરૂ કરી દીધું છે કે તેને સમજાતું નહોતું કે તે આ પૈસાનું શું કરે અથવા ક્યાં ખર્ચ કરે? તે તેના ભાઈ સાથે વિચારો શેર કરતો હતો, જે તેને એ કહીને અસ્વીકાર કરી દેતા કે, તે અમારું કામ નથી.’ તેના ભાઈ કીર્તિએ કહ્યું હતું કે તેમના પરિવારે ઘણી ગરીબી જોઈ છે અને તે માત્ર એ ઈચ્છતા હતા કે તે તેમાંથી બહાર આવે. ગોવિંદાના ભાઈ કીર્તિએ કહ્યું હતું કે, ‘ગોવિંદાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનો રસ્તો જાતે જ બનાવ્યો હતો.

બીજી તરફ, મે ઘણા ઘા સહન કર્યા, પરંતુ જ્યારે તેણે શરૂઆત કરી ત્યારે મેં તેમના સેક્રેટરી બનવાની જવાબદારી ઉપાડી લીધી. આ સમયગાળા દરમિયાન મેં તેનાથી ઘણી ફિલ્મો સાઈન કરાવી હતી. અમે સાથે મળીને ઘણી ગરીબીનો અનુભવ કર્યો હતો અને હું તેને દૂર કરવા માંગતો હતો. તેણે આગળ કહ્યું, ‘એક દિવસ તેણે (ગોવિંદા) અમે જે રૂમમાં હતા તે બંધ કર્યું, જેમાં અમે અને અમારા બધા પૈસા હતા. અમારા બધા બેંક દસ્તાવેજો લઈને બેસી ગયો. હું ખૂબ જ ખુશ હતો, પરંતુ અમારે પૈસાનું શું કરવું તે શોધવાનું હતું અને ગોવિંદાને પહેલો વિચાર આવ્યો, ‘પપ્પુ, ચાલો ૧૦૦ ઓટો રિક્ષા ખરીદીએ’. મેં તેને કહ્યું કે આ અમારો વ્યવસાય નથી. તેણે કહ્યું હતું કે, ‘થોડા સમય પછી ગોવિંદા સ્ટાર બની ગયો. ફરી એકવાર અમે વિચાર્યું કે તેના બધા પૈસાનું શું કરવું અને આ વખતે પણ તેણે કહ્યું, ‘પપ્પુ, ચાલો ૧૦૦ ટ્રક ખરીદીએ.’ પછી મેં તેને કહ્યું કે આ અમારો વ્યવસાય નથી. જ્યારે, ગોવિંદા આ વિચાર પર હસી પડ્યો અને કહ્યું કે તેના ભાઈએ હંમેશા તેના વિચારોનો તે જ રીતે જવાબ આપ્યો.



## કરીના, કૃતિ અને તબ્બુની ક્રૂ મુવીનું ફર્સ્ટ સોન્ગ રિલીઝ

તબ્બુ, કરીના કપૂર ખાન અને કૃતિ સેનન સ્ટારર ફિલ્મ ક્રૂનું પહેલું ટ્રેક નૈના રિલીઝ થઈ ગયુ છે. રિલીઝ થતાની સાથે આ ગીતની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ મ્યૂઝિક વિડીયોમાં ત્રણેય લીડ એક્ટ્રેસ તબ્બુ, કરીના કપૂર ખાન અને કૃતિ સેનન એક સાથે જોવા મળી રહી છે. આ સોન્ગમાં એક્ટ્રેસનો સુપર હોટ અંદાજ જોવા મળી રહ્યો છે. આ ગીતને દિલજીત દોષંજ અને બાદશાહે પોતાનો અવાજ આપ્યો છે. ૫ શાનદાર સિતારાઓએ આ ગીતને દમદાર બનાવ્યુ છે. ક્રૂના રિલીઝ પહેલાં આ ગીત ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યુ છે. આ સોન્ગ રિલીઝ થતાની સાથે છવાઈ ગયુ છે. અનોખો અંદાજ અને સ્વેગ માટે જાણીતા દિલજીત દોષંજ નૈનામાં પોતાના અલગ વાઈબને લઈને આવ્યા છે અને ધમાકેદાર એનર્જી અને કેચી બીટ્સથી ભરી દીધુ છે. આ ગીત સાંભળતાની સાથે તમને નાચવાની ઈચ્છા થઈ જશે. આ ગીતે પ્લે થાય છે ત્યારે દિલજીત દોષંજ મનને ગમી જાય એવો અવાજ લઈને આવે છે, જ્યારે બાદશાહનું સિગ્નેચર રેપ ટ્રેક વધારે જોશ ભરી દે છે. આ મુવીનું પોસ્ટર ગઈ કાલે એટલે કે ૨૩ ફેબ્રુઆરીના રોઝ રિલીઝ કરવામાં આવ્યુ હતુ. આ પોસ્ટરમાં તબ્બુ, કરીના કપૂર ખાન અને કૃતિ સેનન બેડએસ એર હોસ્ટેસના રૂપમાં ગ્લેમરસ પ્રેઝેન્સથી સીધા લોકોના દિલમાં લેન્ડ કરી રહી છે અને એક મસાલેદાર એન્ટરટેનમેન્ટનો વાદો કરે છે.

# ઝાલોદ નગરમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી આવવાના હોવાથી દાહોદ જિલ્લા પોલીસ દ્વારા રૂટ નિરીક્ષણ કરાયું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

તારીખ ૦૭-૦૩-૨૦૨૪ ગુરુવારના રોજ બપોરના ત્રણ વાગે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી આવવાના હોઈ તેને લઈ દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલાએ કોંગ્રેસના આગેવાનો સાથે ઝાલોદ તાલુકામાં રૂટ નિરીક્ષણ કર્યું હતું.

સહુ પ્રથમ દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક તેમજ દાહોદ જિલ્લાના તમામ વિભાગના મોટા પોલીસ અધિકારીઓ અને કોંગ્રેસના આગેવાનો સાથે ધાવડીયા ચેક પોસ્ટ ઉપર આવનાર વાહન અને તેને અનુલક્ષીને વ્યવસ્થાની ચકાસણી કરવામાં આવી. ત્યારબાદ જ્યાંથી ભારત જોડો ન્યાય યાત્રા જે રૂટ પર થી શરૂ થવાની છે તે ઠુઠી કંકાસીયા ચોકડી ખાતેની વ્યવસ્થા તેમજ કંબોઈ ધામ ખાતે જ્યાં રાહુલ ગાંધી રાત્રી રોકાણ કરવાના છે ત્યાંની વ્યવસ્થા અંગે નિરીક્ષણ કરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું. પોલીસ દ્વારા નગરમાં ચારે બાજુ પોલીસ બંદોબસ્ત અને ટ્રાફિકને લઈ વ્યવસ્થા નિહાળી પોલીસ બંદોબસ્ત કરવામાં આવેલ હતો. નગરમા રાહુલ ગાંધીના આગમન માટે ડી.વાય.એસ.પી પટેલ દ્વારા પી.આઈ, પી.એસ.આઈ, એ.એસ.આઈ, એચ.સી, પી.સી, હોમગાર્ડ, જી.આર.ડી, ટી.આર સહિતના કાફલાને બંદોબસ્ત માટે મૂકવામાં આવેલ છે. સાથે સાથે વોકીટોકી,દુરબીન, બોડીવાન કેમેરા, વિડિયો ગ્રાફર પણ આખી રેલી દરમ્યાન કાયદો વ્યવસ્થા સાચવશે. ઝાલોદ પોલીસ દ્વારા ઠુઠી કંકાસીયા થી મુવાડા સુધીનો આખો હાઈવે માર્ગ ખુલ્લો કરાવવામાં આવેલ હતો. આ માર્ગ આજે ખૂબ પહોળો અને વિશાળ લાગતો હતો ક્યાંય કોઈ ટ્રાફિક કે ટ્રાફિકને અડચણરૂપ પડે તેવું પાર્કિંગ જોવા મળતું ન હતું. નગરના લોકોની ચર્ચા મુજબ જો પોલીસ ધારે ત્યારે નગરને ટ્રાફિક લેસ બનાવી શકે છે તેવી વાતોએ નગરમાં જોર પકડયું હતું.

# જસદણ વિસ્તારમાં કુલ રૂ. ૪.૭૨ કરોડના વિવિધ વિકાસકાર્યોની ભેટ આપતા કુંવરજીભાઈ બાવળીયા

## કનેસરા કુંદણી રોડનું ખાતમુહૂર્ત, પાનેલીયા માઇક્રો ઈરીગેશન સ્કીમના રીપેરીંગ, નવા સી.સી. રોડ અને પેવર બ્લોકના કામોનું ખાતમુહૂર્ત

। (માહિતી) રાજકોટ, તા.૬ ।

રાજયના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ પાનેલીયા માઈક્રોઈરીગેશન સ્કીમના રીપેરીંગ કામનો પ્રારંભ કરાવ્યો હતો. પાનેલિયા નાની સિંચાઈ યોજના અંતર્ગત રૂ.૯૧ લાખના ખર્ચે માટીપાળાની મરામત, સ્ટોન પિચિંગ, દરવાજાની કામગીરી, ડેમ સેફટી વર્ક કરવામાં આવનાર છે. જેનાથી જળસંગ્રહ થતા કોટડા, રૂપાવટી અને કંધેવાળિયા ગામના ખેડૂતોને પાણીનો લાભ મળશે.

મંત્રીશ્રીએ જસદણ તાલુકાના કનેસરા ગામે કનેસરા કુંદણી રોડના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું.



બન્ને ગામના આગેવાનો અને સરપંચશ્રીઓ અને અગ્રણીઓએ મંત્રીશ્રીનું ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું હતું. કનેસરા ખાતે મંત્રીશ્રીએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, ગામના આર્થિક વિકાસમાં રસ્તાનું યોગદાન અનેરું હોય છે.

# ઝાલોદના કંબોઇધામ ખાતે નારી શક્તિ વંદના કાર્યક્રમ ધારાસભ્ય મહેશ ભૂરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (માહિતી) રાજકોટ, તા.૬ ।

ભાજપના યશશ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે (વર્ચ્યુઅલ માધ્યમથી) અને લોકપ્રિય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતમાં ૧૩ હજાર થી વધુ સ્વ-સહાય જૂથની ૧ લાખ ૩૦ હજાર થી વધુ મહિલાઓને રૂ.૨૫૦ કરોડ થી વધુની વિવિધ સહાયનો “નારી શક્તિ વંદના” કાર્યક્રમ ઝાલોદ વિધાનસભામાં મહેશભાઈ ભુરીયાની અધ્યક્ષતામાં યોજાયો. આ કાર્યક્રમમાં ઝાલોદનાં ગુરુ ગોવિંદ ધામ-કંબોઈ ખાતે લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા ઉપસ્થિત રહી સૌ બહેનોને સહાયના ચેક વિતરણ કર્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય લલીતભાઈ ભુરીયા, કૃષ્ણરાજ ભુરીયા, સુનિલભાઈ હઠીલા, કારોબારી ચેરમેન નિલેશભાઈ પરમાર, ટી.ડી.ઓ ઝાલોદ, તાલુકાપંચાયતનાસદસ્યો,વિવિધગામનાસરપંચો, પાર્ટીના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને બહોળી સંખ્યાના સૌ માતાઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ૦૯ થી ૨૩ માર્ચ સુધી રેલવે ક્રોસિંગ નં.૩૦૭ પુનિતનગર ક્રોસિંગ બંધ રહેશે

। અમદાવાદ, તા.૬ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ-ગેરતપુર સેક્શનમાં આવેલ રેલવે ક્રૉસિંગ નં. ૩૦૭ (કિ.મી.૪૮૯/૧૯-૨૧) પુનિતનગર રેલવે ક્રૉસિંગ ઑવરહૉલિંગ (સમારકામ અને જાળવણી) કામ માટે ૦૯ માર્ચ ૨૦૨૪ ના રોજ સવારે ૦૮:૦૦ કલાકથી ૨૩ માર્ચ ૨૦૨૪ ના રોજ સાંજે ૨૦:૦૦ કલાક સુધી બંધ રહેશે. રોડ ઉપયોગકર્તાઓ આ સમયગાળા દરમિયાન કેડીલા બ્રિજ અને GIDC રોડ ઑવર બ્રિજ (વટવા સ્ટેશનની ઉત્તર તરફ) થી યાત્રા કરી શકે છે.

# ગિરનાર તળેટીમાં ૩૯ આર્ટિસ્ટે તૈયાર કરેલા વોલ પેઈન્ટિંગ કહે છે.... ‘પ્લાસ્ટિકને ના’

## ગિરનાર દર્શને આવતા પ્રવાસી- પર્યટકોને પ્રતિબંધિત અને પર્યાવરણ માટે હાનિકારક પ્લાસ્ટિકનો વપરાશ ન કરવા માટે પ્રેરિત કરશે



। (માહિતી) જૂનાગઢ, તા.૬ ।

પ્લાસ્ટિક મુક્ત ગિરનાર થીમ પર આજે વોલ પેઈન્ટિંગ સ્પર્ધા પૂર્ણ થઈ છે. આ સ્પર્ધાની થીમ મુજબ ૩૯ જેટલા આર્ટિસ્ટે તૈયાર કરેલા વોલ પેઈન્ટિંગ પર્યાવરણ પ્રકૃતિના જતન સાથે પ્લાસ્ટિકના વપરાશ ન કરવા માટેનો સંદેશ આપી રહ્યા છે. આમ, જાણે દરેક ચિત્રો કહે છે....‘પ્લાસ્ટિકને ના’. ભગવાન મહાદેવ, વન્ય પ્રાણી, મંદિર, ગીરનાર પર્વત વગેરેને સાંકળીને દિવાલ પર રંગબેરંગી અને કલાત્મક કંડારેલા ચિત્રો તળેટીમાં નવી આભા ઉમેરે છે.

ગિરનાર તળેટીમાં આ રંગબેરંગી અને કલાત્મક વોલ પેઈન્ટિંગ ગિરનાર દર્શને આવતા પ્રવાસી- પર્યટકોને પ્રતિબંધિત અને પર્યાવરણ માટે હાનિકારક પ્લાસ્ટિકનો વપરાશ ન કરવા માટે પણ પ્રેરણા પૂરી પાડશે.

જિલ્લા વહીવટી તંત્ર જૂનાગઢ દ્વારા પ્લાસ્ટિક મુક્ત ગિરનારની થીમ ઉપર ગિરનાર નવી સીડી, રોપ વે પાર્કિંગ, સુદર્શન તળાવ સહિતના સ્થળોએ આ વોલ પેઈન્ટિંગ બનાવવામાં આવ્યા છે. ટૂંક જ સમયમાં વોલ પેઈન્ટિંગ સ્પર્ધાના વિજેતાઓ પણ જાહેર કરવામાં આવશે અને તેમને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

# નવસારી જિલ્લામાં વિકસિત ભારત-વિકસિત ગુજરાતની થીમ સાથે નારીશક્તિ વંદના કાર્યક્રમો યોજાયા



। (માહિતી) જૂનાગઢ, તા.૬ ।

મગ્ર દેશની સાથે નવસારી જિલ્લામાં વિકસિત ભારત-વિકસિત ગુજરાતની થીમ સાથે જલાલપોર, નવસારી, ગણદેવી, વાંસદા વિધાનસભા મતવિસ્તારમાં નારીશક્તિ વંદના કાર્યક્રમો યોજાયા હતાં. આ કાર્યક્રમને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશ્ચિમ બંગાળના બારાસત ખાતેથી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પાટણ ખાતેથી નારીશક્તિ વંદના કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું. સમગ્ર રાજ્યમાં ૧૩ હજારથી વધુ સ્વસહાય જૂથની ૧ લાખ ૩૦ હજારથી વધુ મહિલાઓને ૨૫૦ કરોડથી વધુની સહાય વિતરણ સાથે નવસારી જિલ્લામાં યોજાયેલા નારીશક્તિ વંદના કાર્યક્રમમાં જિલ્લાના સ્વસહાય જૂથોને રિવોલ્વિંગ ફંડ, કેશ-ક્રેડિટ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ, સ્ટાર્ટઅપ ફંડ, પીજી ફંડ માટે રૂ.૮૯૦૭ લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉપલક્ષમાં ઓમ પાર્ટી પ્લોટ નવસારી ખાતે ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં મિશન મંગલમ યોજનાના ૧૪૭૭ સ્વસહાય જૂથોને રિવોલ્વિંગ ફંડ, કેશ-ક્રેડિટ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ, સ્ટાર્ટઅપ ફંડ, પીજી ફંડ માટે રૂ.૧૭૫૯ લાખની સહાય વિતરણ કરવામાં આવ્યું હતું.

## “વિકસિત ભારત, વિકસિત ગુજરાત-નારી શક્તિ વંદના” નર્મદા જિલ્લો

# ગુજરાતની મહિલાઓને આર્થિક વાતાવરણ અપાતા પગભર અને સશક્ત બની છે



। (માહિતી) રાજપીપળા, તા.૬ ।

ગુજરાતની નારી ગૌરવ નીતિ અનુસાર મહિલાઓના આર્થિક વાતાવરણ પુરૂ પાડવામાં આવતા તે સશક્ત બની છે, તે વાતની પ્રતીતિ કરાવતા કાર્યક્રમમાં નર્મદા જિલ્લાના સ્વ-સહાય જૂથોને એક સાથે રૂ. ૩ કરોડની સહાય આપવામાં આવી છે. આ સહાય થકી મહિલાઓ સ્વરોજગાર કરી પગભર બની શકશે. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીમસીંગ તડવી અને નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખના અધ્યક્ષસ્થાને નર્મદા જિલ્લામાં નાંદોદ વિધાનસભા વિસ્તારનો કાર્યક્રમ રાજપીપલાની શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય ગ્રાઉન્ડ ખાતે “વિકસિત ભારત, વિકસિત ગુજરાત-નારી શક્તિ વંદના” કાર્યક્રમ યોજાયો હતો. નારી શક્તિ વંદના” ખાસ મહત્વ આપતા ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે જણાવ્યું હતું કે, જ્યાં નારીની પૂજા થાય છે, ત્યાં દેવોનો વાસ થાય છે. તા.૮ મી માર્ચના દિવસે “વિશ્વ મહિલા દિવસ” ની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત આજે મહિલાઓનો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે ઉત્થાન થાય અને મહિલાઓ દરેક વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર આવે તે માટે વિશેષ પ્રાધાન્ય આપીને નારી શક્તિ વંદનાની ઉજવણી કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મહિલાઓને આર્થિક રીતે સમૃદ્ધ અને મજબુત અને પગભર કરીને આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધારવા માટે સરકારશ્રી દ્વારા સરાહનિય પ્રયાસો સહિત કરવાની સાથે વિવિધ યોજનાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. વધુમાં ધારાસભ્યશ્રીએ જણાવ્યું કે, ગુજરાત સહિત દેશની મહિલાઓને સમૃદ્ધ બનાવવા સ્વ-સહાય જૂથો અને સખી-મંડળની બહેનો દ્વારા વિવિધ તાલીમો, સસ્તા અનાજની દુકાન, વાંસની બનાવટો, કેન્ટિંગમાં વિવિધ પ્રકારની વાનગીઓ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. ધારાસભ્યશ્રીએ ઉમેર્યું કે, રાજયમાં વિવિધ જગ્યાએ લખપતિ દીદી બનાવવાની તાલીમ આપવાના આવે છે. જે અંતર્ગત નર્મદા જિલ્લાની બહેનોને પણ આ તાલીમ આપીને કૌશલ્યવાન અને આત્મનિર્ભર બનાવવામાં આવશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં વરદ્હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં ૧૩ હજારથી વધુ સ્વ-સહાય જૂથની ૧.૩૦ લાખથી વધુ બહેનોને રૂ.૨૫૦ કરોડથી વધુ સહાય અર્પણ કરવામાં આવી હતી. આ વેળાએ વડાપ્રધાનશ્રીના ઉદબોધનને સૌએ સાંભળ્યું હતું. ઉપરાંત DAY-NRLM લાભાર્થીઓની શોર્ટ ફિલ્મનું નિદર્શન પણ ઉપસ્થિત મહાનુભાવો સહિત સૌએ નિહાળ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી જોશનાબેન વસાવાએ પોતાની ખેતી અને પશુપાલનમાં થઈ રહેલી પ્રગતિ વિશે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતાં.

## વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીનું મહિલાશક્તિને વર્ચ્યુઅલી સંબોધન કર્યું

# થીમ અંતર્ગત ભરૂચ ખાતે નારી શક્તિ વંદના કાર્યક્રમ ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રીના અધ્યક્ષપદે યોજાયો

। (માહિતી) રાજપીપળા, તા.૬ ।

વિકસિત ભારત વિકસિત ગુજરાત અંતર્ગત નારી શક્તિ વંદના કાર્યક્રમ ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રીના અધ્યક્ષપદે પ્રમુખસ્વામી સભાગૃહ,બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, ઝાડેશ્વર ભરૂચ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે અધ્યક્ષપદેથી ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે,વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજ્યની ૧૮૨ વિધાનસભામાં ૧૩ હજારથી વધુ સ્વ - સહાય જૂથની ૧ લાખ ૩૦ હજારથી વધુ મહિલાઓને રૂ.૨૫૦ કરોડથી વધુની રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાકીય લાભોની સહાયનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. વધુમાં તેમણે ઉમેરતા જણાવ્યું કે,વર્ષ ૨૦૧૪ માં સત્તા પર આવતા જ દેશની મહિલાઓને પ્રધાનમંત્રી જન ધન બેંક ખાતા ખોલાવીને તેમને બેંક સાથે જોડીને સમાજમાં મહિલાઓને આર્થિક રીતે ઉત્કર્ષ થાય તેવા પ્રયત્નો કર્યા હતા.વધુમાં આટલેથી ન અટકતા તેમને મહિલાઓને કેબિનેટમાં ૩૩ ટકા આરક્ષણ આપીને મહિલાઓને રાજકીય ક્ષેત્રે આગળ આવવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે. આ પ્રસંગે આંગણવાડી કાર્યકર બહેનો તથા મિશન મંગલમ યોજનાના લાભાર્થી બહેનોએ આર્થિક રીતે પગભર થયા તે અંગેના સ્વનુભવો વર્ણવીને લોકોને સરકારશ્રી મહિલાલક્ષી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ વેળાએ મહાનુભાવોના વરદહસ્તે મહિલાલક્ષી વિવિધ



યોજનાઓના લાભાર્થી બહેનોને લાભોનું વિતરણ કરતા પ્રતીકાત્મક ચેકોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને વર્ચ્યુઅલ માધ્યમથી સાંભળ્યા હતા. નારી વંદન કાર્યક્રમમાં ભરૂચ નગર પાલિકાના મુખ્ય અધિકારી શ્રી હરીશ અગ્રવાલે નગરપાલિકા વિસ્તારમાં મહિલાઓને મળતી યોજનાકીય લાભોની વિસ્તૃત જાણકારી આપીને સ્વાગત પ્રવચન કર્યું હતુ.તથા ભરૂચ શહેરના મામલતદારશ્રીએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે સ્વ.સહાય જૂથની મહિલાઓના ઉત્પાદિત વસ્તુઓના તથા લીડ બેંક ના ફાયનાસિયલ લીટરસી માટેના સ્ટોલનું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી તુષાર સુમેરા, પ્રાંત અધિકારી શ્રી આર જે શાહ, નગર પાલીકા પ્રમુખ શ્રીમતી વિભૂતિબેન યાદવ, કારોબારી સમિતિ અધ્યક્ષ શ્રી ધર્મેશ મિસ્ત્રી, નગર પાલિકા તથા તાલુકા પંચાયત સભ્યો તથા મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. આજે તમને સમજાશે કે તમારા જીવનસાથી તમને કેટલો પ્રેમ કરે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે. તમારૂં પ્રિયપાત્ર થોડુંક ચીડાયેલું લાગે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. તમે અનુભવશો કે તમારી રચનાત્મકતા ખોવાઈ ગઈ છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે. આજનો દિવસ તમારી માટે અનુકૂળ છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. જો તમારે તમારા પ્રેમ જીવનસાથી ને જીવનસાથી બનાવવો હોય તો તમે આજે તેમની સાથે વાત કરી શકો છો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે બ્લ્ડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર તમારો દિવસ ઝળહળતો કરી મુકશે. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રૉમાન્સ તમારી તરફ આવી શકે છે.

### મધ્યપ્રદેશ યુનિવર્સિટીમાં આશ્ચર્યજનક ઘટના

# જબલપુરની યુનિ. એડમિટ કાર્ડ જારી કર્યા બાદ પરીક્ષા લેવાનું ભૂલી ગઈ

### રાની દુર્ગાવતી યુનિ. એ ૨૦ દિવસ પહેલા એમએસસી કોમ્પ્યુટર સાયન્સ પ્રથમ સેમેસ્ટરનું શેડ્યુલ જાહેર કર્યું હતું

। જબલપુર, તા.૬ ।

વિદ્યાર્થીઓ પરીક્ષાની તારીખો ભૂલી જતા હોય છે એવું તો ઘણીવાર સાંભળ્યું હશે પરંતુ એવું ક્યારેય નહીં સાંભળ્યું હોય કે કોઈ યુનિવર્સિટી પરીક્ષાની તારીખો ભૂલી ગઈ હોય. મધ્યપ્રદેશથી એક એવો ચોંકાવનારો અને રસપ્રદ મામલો સામે આવ્યો છે જ્યાં એક યુનિવર્સિટીએ થોડા દિવસ પહેલા પરીક્ષાનું શેડ્યૂલ જાહેર કર્યું હતું અને પરીક્ષા માટે એડમિટ કાર્ડ પણ જારી કર્યા હતા, પરંતુ જ્યારે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા આવ્યા ત્યારે તેમને ખબર પડી કે યુનિવર્સિટી પરીક્ષા લેવાનું ભૂલી ગઈ છે. ન તો પરીક્ષાની તૈયારી હતી કે ન તો પ્રશ્નપત્ર તૈયાર હતું. આ સમગ્ર મામલો મધ્યપ્રદેશના જબલપુરમાં આવેલી રાની દુર્ગાવતી યુનિવર્સિટીનો છે. યુનિવર્સિટીએ લગભગ ૨૦ દિવસ પહેલા એમએસસી કોમ્પ્યુટર સાયંસ પ્રથમ સેમેસ્ટરનું શેડ્યુલ જાહેર કર્યું હતું. તે પછી વિદ્યાર્થીઓના એડમિટ કાર્ડ પણ જારી કરી દેવાયા હતા. પરીક્ષા ૫ માર્ચના રોજ આયોજિત થવાની હતી પરંતુ જ્યારે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા પહોંચ્યા તો યુનિવર્સિટીએ પરીક્ષા કરાવવા માટે કોઈ તૈયારી જ કરી ન હતી.વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ મંગળવાર, ૫ માર્ચથી યોજાનારી પરીક્ષા માટે એડમિટ કાર્ડ આપવામાં આવ્યા હતા. મંગળવારે સવારે જ્યારે વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પહોંચ્યા ત્યારે તેમને કહેવામાં આવ્યું કે પરીક્ષા નહીં થાય અને યુનિવર્સિટીએ પ્રશ્નપત્ર પણ તૈયાર કર્યા નથી.

### ઓપન સ્કૂલમાં ૧૨મા સુધી અભ્યાસ કરનારા છાત્રોને રાહત

# તમામ ઓપન સ્કૂલને હવે એનઈઈટી માટે એનએમસીની માન્યતા મળશે

### આવી માન્યતા પ્રાપ્ત ઓપન સ્કૂલના ૧૨મા ધોરણ પાસ વિદ્યાર્થીઓ પણ નીટની પરીક્ષામાં બેસવાને યોગ્ય થઇ જશે

। નવી દિલ્હી, તા.૬ ।

ઓપન સ્કૂલમાં ૧૨મા સુધીનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને સુપ્રીમકોર્ટે મોટી રાહત આપતાં ડૉક્ટર બનવાનો માર્ગ મોકળો કરી દીધો છે. સુપ્રીમકોર્ટે કહ્યું કે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ) અને રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ ઓપન સ્કૂલને હવે નેશનલ એલિજિબિલિટી એન્ટ્રેન્સ ટેસ્ટ (એનઈઈટી) માટે નેશનલ મેડિકલ કાઉન્સિલ (એનએમસી)ની માન્યતા મળશે. હવે આવી માન્યતા પ્રાપ્ત ઓપન સ્કૂલના ૧૨મા ધોરણ પાસ વિદ્યાર્થીઓ પણ નીટની પરીક્ષામાં બેસવાને યોગ્ય થઈ જશે. ખરેખર તો મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ) એ ઓપન સ્કૂલ સ્ટુડન્ટ્સને નીટની પરીક્ષામાં બેસવાની મંજૂરી આપતા દિલ્હી હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમકોર્ટમાં અપીલ કરી હતી પણ આ મામલે સુપ્રીમકોર્ટે વિદ્યાર્થીઓની તરફેણમાં ચુકાદો સંભળાવતા તેમને મેડિકલ એન્ટ્રેન્સ એક્ઝામ એટલે કે એનઈઈટીમાં બેસવાની મંજૂરી આપી દીધી છે.

સુપ્રીમકોર્ટનો આ ચુકાદો એ તમામ લાખો વિદ્યાર્થીઓ માટે મોટી ખુશખબર છે જે આર્થિક તંગી કે અન્ય કોઈ મુશ્કેલીને કારણે રેગ્યુલર અભ્યાસ નથી કરી શકતા અને તેમનું ડૉક્ટર બનવાનું સપનું, સપનું જ બનીને રહી જાય છે. હવે આવા વિદ્યાર્થીઓ પણ નીટની પરીક્ષા આપી મેડિકલનો અભ્યાસ કરી શકશે.

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ૧૯૯૭ના રેગ્યુલેશન ઓન ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશનના ભાગ ૪(૨)ની જોગવાઈઓ અનુસાર એવા ઉમેદવારોને નીટમાં બેસતા અટકાવી દીધા હતા. બાદમાં ૨૦૧૮માં દિલ્હી હાઈકોર્ટે આ જોગવાઈને ગેરબંધારણીય ગણાવતાં તેને રદ કરી હતી. એમસીઆઈની આ જોગવાઈને ફગાવી દેતા, દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ ચંદ્ર શેખરની ખંડપીઠે કહ્યું હતું કે મેડિકલે એવો વિચાર આગળ ધપ વ્યો છે કે જે વિદ્યાર્થીઓ આર્થિક સંકડામણ અને મુશ્કેલીઓ અને સામાજિક કારણોસર નિયમિત શાળાએ જતા નથી તેઓ અન્ય વિદ્યાર્થીઓ કરતાં હલકી ગુણવત્તાવાળા અને ઓછા સક્ષમ છે. કોર્ટે આ પ્રકારની ધારણાને નકારી કાઢવાનો નિર્ણય લીધો હતો કારણ કે તે બંધારણીય જોગવાઈઓ અને લોકોની ધારણા વિરુદ્ધ છે. એમ પણ કહ્યું કે આ બંધારણની કલમ ૧૪ અને પ્રોફેશનલ ડિગ્રી મેળવવાની તકના અધિકારનું ઉલ્લંઘન છે. બાદમાં એમઆઈસીએ આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી જેમાં હવે નિર્ણય આવ્યો છે.

### મુખ્યમંત્રી શ્રી રાજ્યકક્ષાના કાર્યક્રમમાં પાટણ ખાતે સહભાગી થયા

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં પાટણ ખાતે 'નારી શક્તિ વંદના' કાર્યક્રમમાં સ્વ-સહાય જૂથોની મહિલાઓને સહાય અર્પણ

### વિકસિત ભારત-વિકસિત ગુજરાત નારીશક્તિ વંદના ઉત્સવમાં ૧૩ હજારથી વધુ સ્વ સહાય જૂથોને ૨૫૦ કરોડથી વધુના રિવોલ્વિંગ ફંડ-સહિતના લાભો અપાયા




। પાટણ, તા.૬ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વિકસિત ભારત - વિકસિત ગુજરાત અંતર્ગત 'નારી શક્તિ વંદના' કાર્યક્રમમાં ૧૩ હજારથી વધુ સ્વ સહાય જૂથોની ૧.૩૦ લાખથી વધુ મહિલાઓને રૂપિયા ૨૫૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય યોજનાકીય સહાયના લાભ પણ આપવામાં આવ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશ્ચિમ બંગાળના બારાસાતમાં નારીશક્તિ વંદના ઉત્સવમાં કરેલા પ્રેરણાદાયી સંબોધનનું સમગ્ર ગુજરાતમાં યોજાયેલા કાર્યક્રમમાં જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ તકે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પાછલા દસકામાં મહિલા કલ્યાણલક્ષી અનેક પગલાં લેવાયા છે. માતૃશક્તિને સક્ષમ અને અસરકારક બનાવવા યોજનાઓનો અસરકારક અમલ થયો છે. મહિલાઓ વધુ સફળ અને પ્રગતિશીલ બની છે. મહિલાઓને સશક્તિકરણના પ્રહરીમાં પરિવર્તિત કરી છે. આજે મહિલા વિકાસ નહીં, પણ મહિલા સંચાલિત વિકાસની ગેરંટી છે. સમગ્ર દેશમાં ૩૦ કરોડ માતાઓ બહેનો મુદ્રા લોનથી લાભાન્વિત થઈ છે. ૩.૧૨ કરોડ દીકરીઓના સુકન્યા સમૃદ્ધિ ખાતા ખૂલ્યા છે. મહિલા ઉદ્યોગકારોની સંખ્યા પણ ઉત્તરો ઉત્તર વધી છે. દેશના અડધા ભાગના સ્ટાર્ટઅપનું નેતૃત્વ મહિલા શક્તિ કરે છે. મહિલાઓની જાહેર જીવનમાં ભાગીદારી સુનિશ્ચિત કરવા સંસદમાં વડાપ્રધાનશ્રી દ્વારા નારી શક્તિ વંદના અધિનિયમ પસાર કરવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રીએ નરેન્દ્રભાઈ મોદીએ બહેનોના સામર્થ્ય અને કૌશલ્યને નિખાર આપવાની ગેરંટી આપી છે તે સાકાર કરતો આ ઉત્સવ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ વર્ષના બજેટમાં જ્ઞાન (GYAN) એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને મહિલા સશક્તિકરણ પર જોર આપીને એ માટે નક્કર કદમ ભર્યા છે. વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિમાં પંચાયતથી પાર્લામેન્ટ અને પ્લે ગ્રાઉન્ડથી સ્પેસ સાયન્સ દરેક ક્ષેત્રે નારી શક્તિનું કૌવત ઝળક્યું છે. તેમણે જણાવ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી આવનાર સમય માટે સજ્જ થઈ સમય પહેલાં જ એડવાન્સ પ્લાનિંગ કરી દે છે. નારી શક્તિના સશક્તિકરણ માટે તેમણે ગુજરાતમાં મહિલા અને બાળ વિકાસ વિભાગની શરૂઆત કરી હતી. રાજ્ય સરકારે સશક્ત સમાજ માટે સશક્ત મહિલાનો કાર્ય મંત્ર અપનાવ્યો છે. સરકારે સશક્તિકરણ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા પર ધ્યાન આપ્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ડબલ એન્જિન સરકાર રાજ્યની જનતા અને મહિલાઓ માટે એડવાન્સમેન્ટ, એમ્પાવરમેન્ટ અને ડેવલપમેન્ટ એમ ત્રિ-પાંખિયા વ્યુહ સાથે સેવારત છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, નારિશક્તિ વંદનાનો આ કાર્યક્રમ રાજ્યની લાખો બહેનોને સખીમંડળ થકી લખપતિ દીદી બનાવવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગેરંટીનો વિકાસ ઉત્સવ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે મહિલાઓના ઉત્થાન માટે ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની શરૂ કરાવીને મહિલાઓને આર્થિક રીતે પગભર કરવાની દિશામાં વ્યવસ્થા શરૂ કરાવી હતી. રાજ્ય સરકારે ગ્રામીણ મહિલાઓને મદદરૂપ થવા માટે સખીમંડળો થકી બહેનોના હાથમાં કરોડોનો કારોબાર સોંપ્યો છે. સખીમંડળ દ્વારા રિવોલ્વિંગ ફંડ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ અને કેશ ક્રેડિટ આપવામાં આવે છે. મહિલાઓની ભાગીદારીથી ગુજરાતનું ડેરી સેક્ટર દુનિયાનું સૌથી મોટું કો-ઓપરેટિવ મુવમેન્ટ બની ગયું છે. ગુજરાતની ગ્રામીણ મહિલાઓ દૂધ ઉત્પાદનથી કરોડો રૂપિયા કમાય છે. આજે નારી શક્તિ વંદના ઉત્સવ કરીને આપણે આ તમામ માતા બહેનોનું ગૌરવ કરી રહ્યા છીએ. મહિલાઓના શિક્ષણ અને સ્વાસ્થ્ય સાથે સલામતીને પ્રાથમિકતા આપી સરકાર કામ કરી રહી છે. ગુજરાત સરકારે ઈતિહાસનું સૌથી મોટું ૩ લાખ ૩૨ હજાર કરોડનું આ વર્ષે બજેટ રજૂ કર્યું છે. આ વર્ષે બજેટમાં ગયા વર્ષ કરતા મહિલા અને બાળ વિકાસ માટે ૧૩ ટકા વધારા સાથે રૂપિયા ૬૮૮૫ કરોડનું બજેટ ફાળવ્યું છે. રાજ્ય સરકારે દરેક નાગરિક માટે 'લિવિંગ વેલ - અર્નિંગ વેલ' ના સૂત્ર સાથે વિકસિત ગુજરાત ૨૦૪૭નું વિઝન ડોક્યુમેન્ટ રજૂ કરીને વિકસિત ગુજરાતનો રોડ મેપ રજૂ કર્યો છે.

## જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે.ના અધ્યક્ષસ્થાને ચૂંટણીના નોડલ અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ

। અમદાવાદ, તા.૬ ।

આગામી ટૂંક સમયમાં યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે ચૂંટણીના નોડલ અધિકારીશ્રીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા દરેક નોડલ ઓફિસરને સોંપવામાં આવેલ જવાબદારી તેઓ સારી રીતે નિભાવે તે માટે જરૂરી સૂચનો કરવામાં આવ્યાં હતાં.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ નોડલ અધિકારીઓને તાકીદ કરી હતી કે ચૂંટણીની ફરજ એ આપણી બંધારણીય જવાબદારી છે, જેને ગંભીરતાથી નિભાવવી જોઈએ. ચૂંટણી કામગીરીમાં રોકાયેલ તમામ કર્મચારીઓ માટે સમયસર તાલીમ યોજવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું હતું.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ની વિવિધ ૧૧ પ્રકારની કામગીરીની ફરજો બજાવવા માટે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા ૪૪ જેટલા નોડલ અને સહનોડલ ઓફિસરોની નિમણૂક કરવામાં આવેલી છે. આ નોડલ ઓફિસરોને ચૂંટણી દરમિયાન કરવાની થતી કામગીરી અંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી દ્વારા વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં કલેક્ટરશ્રી દ્વારા ચૂંટણીલક્ષી કામગીરીમાં નિમાયેલા અધિકારીઓ, કર્મચારીઓને તાલીમ આપવી, ચૂંટણી માટે સ્ટાફ પૂરો પાડવો, મેનપવાર મેનેજમેન્ટ, પોસ્ટલ બેલેટ, ઈવીએમ-વીવીપેટ મેનેજમેન્ટ, ચૂંટણી પંચની પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર કાયદો અને વ્યવસ્થાની તમામ પ્રકારની કામગીરી, મતદાન માટે સમયસર રૂટ મુજબ વાહનો પહોંચાડવા, ચૂંટણી બાબતે જરૂરી મુજબના ફોર્મ, સ્ટેશનરી અન્ય સામગ્રી મેળવવી, સ્વીપની કામગીરી, સ્ક્રુટીની કામગીરી, આરોગ્યની કામગીરી, આદર્શ આચારસંહિતને લગતી સૂચનાઓનું પાલન અને અમલીકરણ કરાવવું, ચૂંટણી કામગીરીમાં જોડાનારા કર્મચારીઓ માટે કરવાની થતી વ્યવસ્થાઓ દિવ્યાંગ મતદારો માટેની વ્યવસ્થા અંગે નિમાયેલ નોડલ અધિકારીશ્રીઓને તેઓને સોંપવામાં આવેલ કામગીરીની પૂર્વતૈયારીઓને ધ્યાને લઈ જરૂરી માર્ગદર્શન તેમજ સૂચન સહિત વિવિધ મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સંયુક્ત પોલીસ કમિશનર શ્રી અજય ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, નિવાસી અધિક કલેક્ટર શ્રી સુધીર પટેલ, અધિક ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર, અધિક ચૂંટણી અધિકારી સુશ્રી નેહા ગુપ્તા સહિત તમામ નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં મ્યુઝિકલ મોર્નિંગનું આયોજન કરવામાં આવ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ઝાલોદમાં કોલેજમાં મ્યુઝિકલ મોર્નિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. તેમાં કૉલેજના એન. સી. સી., એન. એસ. એસ. સહિત તમામ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા ગીતોની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે યુવરાજ વસૈયા, બીજા ક્રમે અભય પ્રજાપતિ અને ત્રીજા ક્રમે સરસ્વતી હરિજન આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ.એ.આર.મોદી,ડૉ.વાય.પીઝાલા, ડૉ. એસ. જે ચૌધરી, ડૉ. એ. એન. પાદરીયા દ્વારા કરવામાં આવ્યું. તેમજ આ કાર્યક્રમમાં ડૉ. ડી. સી. યાદવ, ડૉ. આર. ડી. કપુરી અને ડૉ. બી. એમ. ગોહિલએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. કૉલેજના પ્રિન્સિપાલ મધુકરભાઈ પટેલ દ્વારા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. ઉપરાંત કોલેજના તમામ સ્ટાફ મિત્રો બધા વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

## અમદાવાદની પી. આર. ટ્રેનિંગ કોલેજ રાયખડ ખાતે ૨૭૦થી વધુ તાલીમાર્થીને મતદાન અંગે સમજ અપાઈ



। અમદાવાદ, તા.૬ ।

આવનારી લોકસભા ચૂંટણી અન્વયે મહત્તમ મતદાન થાય અને પાત્રતા ધરાવતા તમામ નાગરિકો લોકશાહીના મહાપર્વમાં ભાગીદાર બને તે માટે અમદાવાદના રાયખડ વિસ્તારમાં આવેલી પી.આર ટ્રેનિંગ કોલેજ ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં તાલીમાર્થીઓને મામલતદારશ્રી બી.પી.પટેલ અને ડૉ.એમ.આર. કુરેશીએ કોલેજના તાલીમાર્થીઓને મતદાન વિશે સમજ આપી સમગ્ર પ્રક્રિયા વિશે માહિતગાર કર્યા હતા. સાથોસાથ ૧૮ વર્ષથી વધુ વયના આશરે ૨૭૦ તાલીમાર્થીઓએ મતદાન કરવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તાલીમાર્થીએ માનવ સાંકળ રચીને ''વોટ ફોર ૨૦૨૪''નો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. સેમિનારમાં રાજસ્થાનના ૩૫ તાલીમાર્થીઓને પણ મતદાનની અગત્યતા સમજાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આચાર્યશ્રી અને સ્ટાફે જહેમત ઊઠાવી હતી.

## વિશેષ

### આવકનું પ્રમાણ વધતા કમલમ્‌એ જીવનમાં ખુશહાલી લાવી છે, તે માટે ગુજરાત સરકારનો આભાર : જેન્તીભાઈ ચવાડીયા

# 'સમૃદ્ધ ખેડૂત, સમૃદ્ધ રાષ્ટ્ર' : પરંપરાગત ખેતીથી અલગ ફળોની ખેતી કરવા માંગતા ધરતીપુત્રો માટે શ્રેષ્ઠ વિકલ્પ બનતું કમલમ્

### એક વીઘે માંડવા પદ્ધતિથી રૂ. ૫૦-૬૦ હજારના ખર્ચની સામે આવક રૂ. ૨ થી ૨.૩૦ લાખ : થાંભલી પદ્ધતિથી રૂ. ૧.૨૫ લાખના ખર્ચની સામે રૂ. ૫-૬ લાખની આવક





ગુજરાતમાં બાગાયતી ખેતીનો વ્યાપ તેજ ગતિથી વધી રહ્યો છે. આજે બાગાયતી ખેતી એક આધુનિક વ્યવસાય તરીકે વિકસી રહી છે. ત્યારે પરંપરાગત ખેતીથી અલગ ફળોની ખેતી કરવા માંગતા ધરતીપુત્રો માટે કમલમ્ શ્રેષ્ઠ વિકલ્પ છે. ગુજરાતમાં કમલમ્ તરીકે ઓળખાતું ડ્રેગન ફ્રુટ એ થોરની પ્રજાતિનું ફળ છે. કેલ્શિયમ, આયર્ન, ફોસ્ફરસ, વિટામીન સી અને વિટામીન બી જેવા પોષકતત્વોથી ભરપૂર કમલમના ફળ, ફુલ અને છોડને પણ ઉપયોગમાં લઈ શકાય છે અને ફળમાંથી મૂલ્યવર્ધક વસ્તુઓ પણ બનાવી શકાય છે. ત્યારે અદ્યતન ટેકનોલોજી અને ગુજરાત સરકારના સહકાર થકી રાજકોટ જિલ્લાના ખેડૂતો ફળ અને શાકભાજીના ક્લસ્ટર બનાવી ખેતીના માધ્યમથી સમૃદ્ધ બની રહ્યાં છે. ધોરાજીના પ્રગતિશીલ ખેડૂતભાઈઓ શ્રી ભગવાનજીભાઈ ચવાડીયા અને શ્રી જેન્તીભાઈ ચવાડીયા કહે છે કે અમે ૭૫ વીઘા જમીનમાં કમલમનું વાવેતર કર્યું છે. કમલમની ટકાઉ ક્ષમતા બીજા ફળોની સરખામણીમાં વધારે છે. તેને બીજા પાકોની સરખામણીમાં ઓછા પાણી અને ઓછી કાળજીની જરૂર રહે છે. એક વીઘા જમીનમાં માંડવા પદ્ધતિથી કમલમના ઉત્પાદનનો ખર્ચ આશરે રૂ. ૫૦ હજારથી ૬૦ હજારનો થાય છે. તેની સામે આવક રૂ. ૨ લાખથી રૂ. ૨.૩૦ લાખ જેટલી થાય છે. કમલમની ખેતી માટે એક હેક્ટરની મર્યાદા માટે પહેલો હપ્તો રૂ. ૮૪ હજાર અને બીજો હપ્તો રૂ. ૪૨ હજાર મળી કુલ રૂ. ૧ લાખ ૨૬ હજારની સરકારી સહાય પ્રાપ્ત થઈ છે. સાથેસાથે જરૂરી દસ્તાવેજો જમા કરાવવાની પ્રક્રિયામાં પણ બાગાયત તંત્રનો પૂરતો સહયોગ મળ્યો છે. અગાઉ ચંદનના રોપા અને કમલમના રોપાની સહાય પણ લીધેલી છે. સરકારની આર્થિક સહાય મળતાં નફો સારો થયો છે, આવકનું પ્રમાણ વધતા કમલમ્ એ જાણે જીવનમાં ખુશહાલી લાવી છે, તે માટે ગુજરાત સરકારનો આભાર. ગોંડલ તાલુકાના બંધીયા ગામમાં રહેતા શ્રી ધીરજલાલ રાણપરીયા પણ આટલી જ કૃતજ્ઞતા સાથે જણાવે છે કે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલનો ખૂબ ખૂબ આભાર કે કમલમની ખેતી માટે આર્થિક ટેકો આપ્યો. કમલમની ખેતી માટે અમને એક હેક્ટર માટે રૂ. ૧ લાખ ૩૧ હજારનો પહેલો હપ્તો મળેલો છે, બીજો હપ્તો પણ ટૂંક સમયમાં મળી જશે. અમે સાત વર્ષથી કમલમની ખેતી કરીએ છીએ. થાંભલી પદ્ધતિથી કમલમના વાવેતરમાં ૧ વીઘે રૂ. સવા લાખ જેટલા ખર્ચની સામે રૂ. ૫ લાખથી રૂ. ૬ લાખ જેટલી આવક થાય છે. સાથેસાથે છોડના ટુકડાઓમાંથી રોપા તૈયાર કરીને તેનું વેચાણ પણ કરીએ છીએ. રોગ-જીવાતનું પ્રમાણ નહિવત્ હોવાથી કીટનાશક/ફૂગનાશકનો ખર્ચો લાગતો નથી. તેમજ બીજા-ત્રીજા વર્ષમાં પોતાનું રોકાણ પાછું મેળવી શકાય છે. આથી, કમલમના ઉત્પાદને સારી આવક રળી આપતા ખરા અર્થમાં જીવનધોરણ ઊંચું આવ્યું છે. ત્યારે અન્ય ખેડૂતો પણ બાગાયતલક્ષી યોજનાઓનો લાભ લે, તેવો અનુરોધ છે. આમ, 'સમૃદ્ધ ખેડૂત, સમૃદ્ધ રાષ્ટ્ર'ની નેમ સાથે ખેડૂતો સમૃદ્ધ બની દેશના આર્થિક વિકાસના ભાગીદાર બને, તે માટે ગુજરાત સરકારે કૃષિવિકાસ અંગે અનેકવિધ યોજનાઓ બનાવી છે. જેના અંતર્ગત ખેડૂતોને પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે. જેના પરિણામે ફળ, શાકભાજી જેવા બાગાયતી પાકોના ઉત્પાદનમાં તો વધારો થયો જ છે, તેની સાથે ધરતીપુત્રો પણ આત્મનિર્ભર બની રહ્યા છે.




મોડી સાંજે માણેકચોકમાં રાણીના હઝીરામાં એક મકાન ધરાશાયી થયું હતું.

## ન્યૂઝ બ્રિફ

### સિનિયર સીટીઝનનું એટીએમ બદલી ૧.૬૮ લાખની ઠગાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ શહેરમાં એટીએમ કાર્ડ બદલી નાખી છેતરપિંડી કરનાર ટોળકીનો સિનિયર સિટીઝન ભોગ બન્યા હતા. સેટેલાઈટ વિસ્તારમાં રહેતા નિવૃત્ત સિનિયર સિટીઝન ઘર ખર્ચ માટે પ્રેરણાતિર્થ દેરાસર નજીક આવેલા એટીએમમાં પૈસા ઉપાડવા ગયા હતા. આ દરમિયાન ૩ શખસોએ સિનિયરસિટીઝનનું કાર્ડ બદલી નાખીને ૧.૬૮ લાખથી વધુની રકમ ઉપાડી લીધી હતી. આ અંગે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. સેટેલાઈટ વિસ્તારમાં આવેલા પાર્થ ટેનામેન્ટમાં રસિકભાઈ પરમાર (ઉ.૬૦) પરિવાર સાથે રહે છે. તેમનું બેંક એકાઉન્ટ પંજાબ નેશનલ બેંક ગાંધીનગર ખાતે ધરાવે છે. ગત ૧૪મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ઘર ખર્ચ માટે પૈસાની જરુર હોવાથી તેઓ પૈસા ઉપાડવા માટે ગયા હતા. આ સમયે એટીએમમાં ૩ શખસો હાજર હતા. બાજુમાં ઉભેલો શખશ રસિકભાઈનો પીન અને કેવી પ્રોસેસ કરી તે જોઈ રહ્યો હતો. એક શખસે રસિકભાઈનું એટીએમ કાર્ડ કાઢીને બદલી નાખ્યું હતું. જોકે કાર્ડ બદલી નાખ્યાની જાણ રસિકભાઈને ન હતી.

### સ્વદેશી બનાવટનું દેશનું પહેલું આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝર લોન્ચ

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ગ્રીન્ઝો એનર્જીએ ગ્રીન હાઈડ્રોજન બનાવવા માટે સો ટકા સ્થાનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને એક મેગાવોટની ક્ષમતા ધરાવતું આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝર લોન્ચ કર્યું છે. ભારતમાં જ બનાવવામાં આવેલું આ પ્રકારનું પ્રથમ ઈલેક્ટ્રોલાઈઝર છે. મેક ઈન ઈન્ડિયા ઈનિશિયેટીવ હેઠળ આ ઈલેક્ટ્રોલાઈઝર ડેવલપ કરવામાં આવ્યું છે. તેને પરિણામે ગ્રીન એનર્જી પેદા કરવાની દિશામાં ભારત મોટી હરણફાળ ભરી શકશે. આ સાથે જ ગ્રીન અને ક્લિન એનર્જીના ક્ષેત્રમાં ગ્રીન્ઝો ઈન્ડિયાએ બહુ જ મોટી સફળતા મેળવી લીધી છે. વાર્ષિક ૨૫૦ મેગાવોટની પ્લાન્ટ કેપેસિટી ધરાવતું ગ્રીન્ઝો ઈન્ડિયાનું પહેલું ઈલેક્ટ્રોલાઈઝર ગ્રીન્ઝો એનર્જીની દૂરંદેશીને પ્રમાણિત કરે છે અને એનર્જી સેક્ટરના અગ્રણી પ્લેયર તરીકે તેને પ્રસ્થાપિત પણ કરે છે. આ ઈલેક્ટ્રોલાઈઝર વિશિષ્ટ ફીચર્સ ધરાવતું ઈલેક્ટ્રોલાઈઝર છે. દરિયા કિનારો ન ધરાવતા અને ચોતરફ માત્ર જમીન જ ધરાવતા ૪૫ દેશોમાંથી-લેન્ડલૉક કંટ્રીમાંથી આ ઈલેક્ટ્રોલાઈઝર બનાવવા માટે કોઈપણ પૂરજાની આયાત કરવામાં આવી નથી.

### અમદાવાદ જિલ્લા કલેક્ટર પ્રવીણા ડી.કે તેમજ જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરેની પ્રોત્સાહક ઉપસ્થિતિ

# ધારાસભ્ય હાર્દિક પટેલની અધ્યક્ષતામાં વિરમગામ વિધાનસભાનો ‘નારી શક્તિ વંદના’ કાર્યક્રમ યોજાયો

### ધારાસભ્ય હાર્દિક પટેલ દ્વારા વિરમગામ વિધાનસભાની ૬૬૦ બહેનોને રૂ. ૧૮ લાખની સહાયના ચેક વિતરણ કરવામાં આવ્યા

। વિરમગામ, તા.૬ ।

ધારાસભ્ય હાર્દિક પટેલની અધ્યક્ષતામાં વિરમગામ ખાતે વિકસિત ભારત વિકસિત ગુજરાતની થીમ પર ‘નારી શક્તિ વંદના’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના બારાસત ખાતેથી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાટણ ખાતેથી વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું. વિકસિત ભારત વિકસિત ગુજરાત - નારી શક્તિ વંદના’ કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી સમગ્ર દેશની સાથે રાજ્યમાં ૧૩ હજારથી વધુ સ્વ-સહાય જૂથની ૧.૩૦ લાખથી વધુ મહિલાઓને રૂ.૨૫૦ કરોડથી વધુની સહાય અર્પણ કરાઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે રાજ્યકક્ષાનો ‘વિકસિત



ભારત વિકસિત ગુજરાત - નારી શક્તિ વંદના’ કાર્યક્રમ યોજાયો હતો. વિરમગામ વિધાનસભામાં વિકસિત ભારત વિકસિત ગુજરાતની થીમ પર આયોજિત નારી શક્તિ વંદના કાર્યક્રમમાં વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં નારી શક્તિ વંદના કાર્યક્રમ યોજાયો.

### વડોદરાનો ખેલાડી જે ૭૦ મેચ સુધી બહાર બેઠો

# મિલાપ મેવાડાએ આજે એક દેશની આખી ટીમને બેઠી કરી

। (એજન્સી) વડોદરા, તા.૬ ।

ભારતના પૂર્વ ફાસ્ટ બોલર ઈરફાન પઠાણે ગુજરાતના એક પ્રતિભાશાળી અને અજ્ઞાત ક્રિકેટર વિશે ખુલાસો કર્યો છે. આ ખેલાડીને ક્યારેય ટીમ ઈન્ડિયા માટે રમવાની તક નહોતી મળી, પરંતુ તેમ છતાં આ ખેલાડીએ પોતાના કામથી ગુજરાત અને ભારતનું નામ રોશન કર્યું છે. ઈરફાન પઠાણે એક ગુજરાતી ઈવેન્ટમાં જણાવ્યું હતું કે, બરોડાની ટીમમાં તેમનો એક સિનિયર ખેલાડી હતો, જેને રણજી ટ્રોફીમાં લગભગ ૭૦ મેચોમાં બહાર બેસવું પડ્યું હતું, પરંતુ હવે તે અફઘાનિસ્તાનની ક્રિકેટ ટીમનો કોચ છે. ઈરફાને તેના સિનિયર ખેલાડીની પ્રશંસા કરતાં કહ્યું કે, વડોદરાનો એક વિકેટકીપર-બેટ્સમેન હતો, જે અમારો સિનિયર હતો. એ ખેલાડીને રણજી ટ્રોફીની લગભગ ૭૦ મેચોમાં બહાર બેસવું પડ્યું હતું. ગૂગલ કરશો તો જાણવા મળશે કે તેમનું નામ મિલાપ મેવાડા છે. આ ખેલાડીએ ૭૦ મેચોમાં બહાર બેસવું પડ્યું, કારણ કે ત્યારે વડોદરાથી નયન મોંગિયા રમતા હતા. એ સમયે સંદીપ પાટીલ સિલેક્ટર હતા. મિલાપને ઈન્ડિયા તો શું, બરોડા તરફથી પણ નહોતું રમવા મળ્યું. મિલાપને ૭૦ મેચો સુધી બહાર બેસવું પડ્યું હતું અને જ્યારે કેટલીક મેચોમાં તક મળી તો કરિયર પૂરું થઈ ચૂક્યું હતું. ઈરફાને કહ્યું કે, “હું તમને આ ખેલાડી વિશે એટલા માટે કહી રહ્યો છું કારણ કે આજે આ ખેલાડી અફઘાનિસ્તાનની ટીમનો બેટિંગ કોચ છે.

આ ખૂબ મોટી વાત છે. તેઓ ગુજરાતના વડોદરાથી છે અને અત્યારે અફઘાનિસ્તાનની ટીમની બેટિંગમાં સતત સુધારો લાવવા પર કામ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અફઘાનિસ્તાનની બેટિંગમાં જે સુધારો આવ્યો છે, તેની પાછળ મિલાપનો મોટો હાથ છે. જો કોઈ બીજો ખેલાડી ૭૦ મેચ બહાર બેઠો હોત, તો હાર માની લેત, પરંતુ તેમણે ક્યારેય હાર ન માની અને મહેનત ન છોડી. જયારે મહેનતનો પરસેવો જમીન પર પડે છે, તો વ્યાજ સહીત પાછો મળે છે. મિલાપ મેવાડાનો જન્મ વર્ષ ૧૯૭૪માં ગુજરાતના મહેસાણામાં થયો હતો. તેઓ ટેલેન્ટેડ બેટ્સમેન અને વિકેટકીપર હોવા છતાં બરોડાની ટીમમાંથી રમવા માટે ખૂબ રાહ જોવી પડી હતી.

# વિકસિત ભારત-વિકસિત ગુજરાત અંતર્ગત “નારીશક્તિ વંદના” કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના મંત્રી કુબેરભાઈ ડીંડોર દ્વારા શિલ્ડ આપી એવોર્ડ એનાયત કરાયા

। સંતોષ જોશી બૂરોઈન ચીફ સંતરામપુર, તા.૬ ।

આજ રોજ તા ૬ માર્ચ ૨૦૨૪ ના રોજ માન.વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રીની વર્ચ્યુઅલ પ્રેરક ઉપસ્થિતિમાં વિકસિત ભારત- વિકસિત ગુજરાત અંતર્ગત “ નારીશક્તિ વંદના” કાર્યક્રમ સંતરામપુર ના આઝાદ મેદાન માં આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં માન. આદિજાતિ અને શિક્ષણ વિભાગના મંત્રીશ્રી ડૉ.કુબેરભાઈ ડીંડોર સાહેબની વિશેષ ઉપસ્થિતિ હતી, જેમણે નારીશક્તિ ને કેન્દ્રમાં રાખીને ભારતના વિકાસમાં નારીશક્તિ ના માહાત્મ્ય પર ખુબ જ પ્રભાવક ઉદ્‌બોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં માન. ક્લેક્ટર સાહેબશ્રી મહીસાગર નેહાકુમારી મેડમ, માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, માન. નિયામક શ્રી ડી.આર. ડી.એ,તાલુકા પંચાયત પ્રમુખ સંતરામપુર, તાલુકા પંચાયત પ્રમુખ કડાણા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ નંદાબેન ખાંટ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી, પ્રાન્ત અધિકારી શ્રી સંતરામપુર, મામલતદારશ્રી સંતરામપુર, મામલતદારશ્રી કડાણા, તાલુકા વિકાસ અધિકારી શ્રી કડાણા - સંતરામપુર, ભાજપા પ્રમુખ સંતરામપુર બળવંતભાઈ પટેલીયા, મહામંત્રી શ્રી રાવજીભાઈ, સચિનભાઈ શાહ, ભરતભાઈ પટેલ વગેરે અનેક મહાનુભાવો એ હાજરી આપી હતી. નારીશક્તિ કાર્યક્રમની શરૂઆત વેદોક્ત મંત્રોચ્ચાર અને દીપ પ્રાગટય થી કરવામાં આવી હતી તથા શબ્દોથી સ્વાગત માન નિયામક શ્રી ડી.આર .ડી.એ મેડમ મહીસાગર દ્વારા કરવામાં આવ્યું હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભોઈ ગૌરાંગકુમાર વાડીલાલ - (શ્રીજી હાઈસ્કૂલ જાનવડ ના ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકશ્રી) દ્વારા કરવામાં આવ્યું હતુ. શબ્દોથી સ્વાગત પછી મંચસ્થ મહાનુભાવોનુ પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું હતુ. માન કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર ના ઉદ્‌બોધન પછી માન મુખ્યમંત્રીશ્રી તથા માન . વડાપ્રધાનશ્રી નું વર્ચ્યુઅલ માધ્યમથી ઉદ્‌બોધન થયું હતું. કાર્યક્રમમાં સ્ટેજ પરના લાભાર્થીઓને ચેક વિતરણ, માતા યશોદા એવોર્ડ અને ચેક વિતરણ,પંચાયતી રાજ ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાન આપનાર મહિલા સરપંચશ્રીઓનુ સન્માન તથા રાજ્ય કક્ષાની એથલેટિક્સ રમતમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવનાર મહીસાગર જિલ્લાની દિકરી ખાટા આશાબેન ભલાભાઈ નું શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતુ. અંતમાં માન. પ્રાન્ત અધિકારી શ્રી સંતરામપુર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આમ, સંતરામપુર માં આઝાદ ખાતે નારીશક્તિ વંદના કાર્યક્રમ અનોખી રીતે નારી સન્માન કરી આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં શ્રેષ્ઠ કામગીરી બદલ જય દશામા મિશન મંગલમ ગ્રુપ દ્વારા ડામોર મધુબેન પાર્સિંગભાઈ માસિક રૂા. ૧,૦૦૦ હપ્તાથીલોન અને વાર્ષિક રૂપિયા ૧૦૦૦૦૦ ની લોન ની કામગીરી તેઓના ગ્રુપ દ્વારા કરવામાં આવેલી હતી અને એમને માનનીય મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોડ દ્વારાસન્માનિત કરવામાં આવ્યા હતા.

### મરચાની ખેતીએ ખેડૂતોને રોવડાવ્યાં, ઉત્પાદનમાં ઘટાડો

। મહેસાણા, તા.૬ ।

મહેસાણા જિલ્લાનાં જોટાણા તાલુકાના ખેડૂત ભીખાભાઈ અંબાલાલ પટેલ છેલ્લાં ૪૦ વર્ષોથી ખેતી કરે છે. આ વર્ષે ૭ વિઘા જમીનમાં મરચાનું વાવેતર કર્યું છે. અગાઉ પ્રતિ વિઘે ૧૦૦ મણ જેટલું ઉત્પાદન લીધેલું છે. પરંતુ આ વર્ષે મરચીનાં પાકમાં વાયરસ અને બીજા રોગ આવતા ઉત્પાદનમાં ખુબ જ ઘટાડો થયો છે. જોટાણા તાલુકાના ખેડૂત ભીખાભાઈ અંબાલાલ પટેલની ૫૭ વર્ષની ઉંમર છે. ૪૦ વર્ષથી ખેતી કરે છે. ૪ ધોરણ સુધી જ અભ્યાસ કર્યો છે.

# કેન્દ્ર અને રાજ્ય સરકાર મહિલાઓને ધ્યાનમાં મહિલાલક્ષી યોજનાઓ બનાવી રહી છે : રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા

। પાટણ, તા.૬ ।

સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં નિકોલ વિધાનસભામાં વિકસિત ભારત વિકસિત ગુજરાતની થીમ પર ‘નારી શક્તિ વંદના’ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશ્ચિમ બંગાળના બારાસત ખાતેથી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પાટણ ખાતેથી વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું. વિકસિત ભારત વિકસિત ગુજરાત - નારી શક્તિ વંદના’ કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી સમગ્ર દેશની સાથે રાજ્યમાં ૧૩ હજારથી વધુ સ્વ-સહાય જૂથની



૧.૩૦ લાખથી વધુ મહિલાઓને રૂ.૨૫૦ કરોડથી વધુની સહાય અર્પણ કરાઈ હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે રાજ્યકક્ષાનો ‘વિકસિત ભારત વિકસિત ગુજરાત - નારી શક્તિ વંદના’ કાર્યક્રમ યોજાયો હતો.

### ઉત્તર ગુજરાતમાં ઉનાળુ વાવેતર થઇ રહ્યું છે

# ઉત્તર ગુજરાતમાં અંદાજ સામે ફક્ત ૧૨.૬૨ ટકા ઉનાળુ વાવેતર

। (એજન્સી) મહેસાણા, તા.૬ ।

ઉત્તર ગુજરાતમાં ચાલુ ઉનાળુ સીઝનમાં ૪.૦૫ લાખ હેક્ટરમાં ઉનાળુ વાવેતર થવાના અંદાજ સામે ચાર સપ્તાહના અંતે ૫૧ હજાર હેક્ટરમાં વાવેતર થયું છે. બીજી બાજુ ૧૩૭૨ હેક્ટરમાં બાગાયતી ફળ પાકોનું વાવેતર થયું છે. જેમાં ૮૩૯ હેક્ટરમાં તરબૂચ અને ૫૩૩ હેક્ટરમાં અન્ય ફળ પાકોનું વાવેતર થઈ ચૂક્યું છે. ચાર સપ્તાહના અંતે ઉત્તર ગુજરાતમાં અંદાજ સામે ૧૨.૬૨% વિસ્તારમાં વાવેતર થઈ ચૂક્યું છે. પાંચ જિલ્લામાં ઉનાળુ વાવેતરની સ્થિતિ જોઈએ તો સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૪૯.૧૫% વિસ્તારમાં વાવણી થઈ છે. જ્યારે સૌથી ઓછુ ૬.૮૯% વાવેતર બનાસકાંઠા જિલ્લામાં થયું છે. મહેસાણા જિલ્લામાં શિયાળુ સીઝનના વાવેતરની સીઝન પૂર્ણ થઈ છે. ચાલુ વર્ષે ૧.૮૦ લાખ હેક્ટરમાં વાવેતરના અંદાજ સામે ૧.૮૫ લાખ હેક્ટરમાં શિયાળુ વાવેતર થયું હતું. એટલેકે, અનુમાન કરતાં ૨.૫૫% વધુ વાવેતર થયું હતું. અને અત્યારે ઉનાળું વાવેતરની શરૂઆત થઈ ગઈ છે.

### આલા હઝરત એક્સપ્રેસમાં પેસેન્જરનું ગુમ થયેલું પર્સ શ્રી સંજય રાણા ટિકિટ ઈન્સ્પેક્ટર દ્વારા સલામત રીતે પરત કરવામાં આવ્યું



। અમદાવાદ, તા.૬ ।

પશ્ચિમ રેલવે પર અમદાવાદ મંડળ નો સમર્પિત સ્ટાફ તેના આદરણીય ગ્રાહકોને સુખદ અને સલામત મુસાફરીનો અનુભવ આપવા માટે હંમેશા મોખરે રહે છે. આ ક્રમમાં ગાંધીધામમાં ફરજ બજાવતા સિનિયર ટીકીટ ઈન્સ્પેકટર શ્રી સંજય રાણાએ પ્રામાણિકતા દાખવી આરપીએફની હાજરીમાં જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી ટ્રેનમાં ગુમ થયેલ મુસાફરનું પર્સ પરત સોંપ્યું હતું.

માહિતી આપતાં, ડિવિઝનલ રેલ્વે પ્રવક્તા, અમદાવાદએ જણાવ્યું કે અમારા સમર્પિત સાથીદાર, શ્રી સંજય રાણા, ટિકિટ નિરીક્ષક, ગાંધીધામ ના સેવા પ્રત્યે પ્રમાણિકતા અને સમર્પણનું પ્રદર્શન કરતા ૦૬/૦૩/૨૦૨૪ રોજ ૧૪૩૧૧ આલા હઝરત એક્સપ્રેસ ટ્રેન માં ફરજ પર હતા ત્યારે શ્રી સંજય રાણા ને એક મુસાફરનું પર્સ મળી આવ્યું હતું. જેમાં મૂલ્યવાન દસ્તાવેજો અને પૈસા હતા. આર પી એફ સ્ટાફ અને નિયંત્રણ ની મદદથી, તેઓએ ખંતપૂર્વક તપાસ કરી અને સંબંધિત મુસાફરને પર્સ સુરક્ષિત રીતે પાછું આપ્યું.

આ પ્રશંસનીય કાર્ય માટે મુસાફરે આરપીએફ સ્ટાફ અને ટીમ ગાંધીધામનો આભાર વ્યક્ત કર્યો છે અને કહ્યું છે કે હું સિનિયર ટિકિટ ઈન્સ્પેક્ટર શ્રી સંજય રાણાનો હૃદયપૂર્વક આભાર માનું છું અને આશા રાખું છું કે તેઓ ભવિષ્યમાં પણ આવી પ્રમાણિક કામગીરી કરતા રહેશે.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨